
73મા પ્રજાસત્તાક દિવસની ઝલક | પેજ 21-24

વર્ષ: 02, અંક: 15

01-15 ફેબ્રુઆરી, 2022

નિઃશુલ્ક

# ન્યૂ ઈન્ડિયા સમાચાર



## રસીકરણ: 160 કરોડને પાર

# સાથે મળીને જીતીશું આપણે

કોવિડ સામેની લડાઈમાં 'મહેનત જ એક માત્ર માર્ગ, વિજય જ એક માત્ર વિકલ્પ'ના મૂળ મંત્ર સાથે આગળ વધી રહેલું ભારત...


# લોકશાહીનું પર્વ

**કોવિડ પ્રોટોકોલની સાથે પાંચ રાજ્યોમાં વિધાનસભા ચૂંટણીની જાહેરાત થઈ ચૂકી છે. આ ચૂંટણીમાં 18 કરોડ 34 લાખથી વધુ મતદાતાઓ પોતાના પ્રતિનિધિઓને ચૂંટશે. કયા રાજ્યમાં ક્યારે અને કેટલાં તબક્કામાં મતદાન થવાનું છે તે જાણોઃ**

## ચૂંટણી પરિણામઃ 10 માર્ચ, 2022

| ઉત્તરપ્રદેશ | પંજાબ | ઉત્તરાખંડ | ગોવા |
|---|---|---|---|
| મતદાતા 15,05,82,750 | મતદાતા 2,13,88,764 | મતદાતા 82,38,187 | મતદાતા 11,56,762 |
| કુલ બેઠકઃ 403 | કુલ બેઠકઃ 117 | કુલ બેઠકઃ 70 | કુલ બેઠકઃ 40 |
| મતદાનઃ ફેબ્રુઆરી 10,14,20,23,27 અને માર્ચ 3,7 | મતદાનઃ 20 ફેબ્રુઆરી | મતદાનઃ 14 ફેબ્રુઆરી | મતદાનઃ 14 ફેબ્રુઆરી |

| મણિપુર | મતદાતા | કુલ બેઠક | મતદાનઃ |
|---|---|---|---|
| | 20,56,901 | 60 | 27 ફેબ્રુઆરી, 3 માર્ચ |




"કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા પાંચ રાજ્યોની ચૂંટણીની જાહેરાત કરવામાં આવી છે. વિધાનસભાની ચૂંટણી રાજ્યના વિકાસ અને સમૃધ્ધિની સાથે સાથે સશક્ત રાષ્ટ્રનો સ્તંભ પણ હોય છે. હું આ તમામ રાજ્યોની જનતાને રાજ્યની પ્રગતિ અને દેશના વિકાસમાં પ્રદાન કરે તેવી સરકાર ચૂંટવા અપીલ કરું છું. કેન્દ્રીય ચૂંટણી પંચે જનતાની સલામતી માટે કેટલાંક જરૂરી નિર્ણય લીધા છે, જેનું અમે હૃદયથી સ્વાગત કરીએ છીએ. તેનું પાલન કરવું એ તમામ રાજકીય પક્ષોની સામૂહિક જવાબદારી છે.

-અમિત શાહ, કેન્દ્રીય ગૃહ મંત્રી

પાંચ રાજ્યોની વિધાનસભા ચૂંટણીની વિસ્તૃત માહિતી માટે આ લિન્ક પર ક્લિક કરોઃ
https://static.pib.gov.in/writereaddata/userfiles/PN_3.pdf

ન્યૂ ઈન્ડિયા
સમાચાર
વર્ષ: 02 ,અંકઃ 15 | 01-15 ફેબ્રુઆરી, 2022

સંપાદક
**જયદીપ ભટનાગર,**
મુખ્ય મહાનિદેશક,
પ્રેસ ઈન્ફોર્મેશન બ્યુરો, નવી દિલ્હી

વરિષ્ઠ સલાહકાર સંપાદક
**સંતોષકુમાર**

વરિષ્ઠ સહાયક સલાહકાર સંપાદક
**વિભોર શર્મા**
સહાયક સલાહકાર સંપાદક
**ચંદન કુમાર ચૌધરી**

ભાષા સંપાદન
**સુમીત કુમાર (અંગ્રેજી), અનિલ પટેલ (ગુજરાતી), નદીમ અહેમદ (ઉર્દૂ), સોનિત કુમાર ગોસ્વામી (આસામીઝ), વિનયા પીએસ (મલયાલમ), પોલમી રક્ષિત (બંગાળી), હરિહર પંડા (ઉડિયા)**

સીનિયર ડિઝાઈનર
**શ્યામ શંકર તિવારી, રવિન્દ્રકુમાર શર્મા**
ડિઝાઈનર
**દિવ્યા તલવાર, અભય ગુપ્તા**

પ્રકાશક અને મુદ્રક
**સત્યેન્દ્ર પ્રકાશ,**
**મુખ્ય મહાનિદેશક, બીઓસી (બ્યૂરો ઓફ આઉટરીચ એન્ડ કમ્યુનિકેશન વતી)**

મુદ્રણઃ **અરાવલિ પ્રિન્ટર્સ એન્ડ પબ્લિશર્સ પ્રાઈવેટ લિમિટેડ, W-30 ઓખલા ઈન્ડસ્ટ્રીયલ એરિયા, ફેઝ-ટુ, નવી દિલ્હી-110020**

**સંદેશાવ્યવહારનું સરનામું અને ઈમેલ**
રૂમ નંબર-278, બ્યૂરો ઓફ આઉટરીચ એન્ડ કમ્યુનિકેશન, સૂચના ભવન, બીજો માળ, નવી દિલ્હી-110003

**ઈમેલઃ response-nis@pib.gov.in**

RNI No. :
DELGUJ/2020/78810

## અંદરના પાને....

# રાષ્ટ્રશક્તિનું પ્રતિબિંબ




**કવર સ્ટોરી** | એક વર્ષથી પણ ઓછા સમયમાં રસીના 150 કરોડ ડોઝ લગાવીને કોવિડ સામેની લડાઈમાં ભારતે નવો વિક્રમ સ્થાપ્યો | **પેજ 6-20**

**યુવાઃ ભારતનું મન, ભારતની ક્ષમતા, ભારતનાં સપના**



25મા રાષ્ટ્રીય યુવા દિવસ પર વડાપ્રધાન મોદીનું સંબોધન
**પેજ 26-29**

**સમાચાર સાર**
પેજ 4-5

**73મા પ્રજાસત્તાક દિવસ પ્રસંગે વિશેષ**
રાજપથ પર પ્રજાસત્તાક દિવસની પરેડની ઝલક

**વંદે ભારતઃ આધુનિકતાના રંગમાં રંગાઈ રહેલી ભારતીય રેલ**
હાઈસ્પીડ કનેક્ટિવિટીથી દેશના વિકાસને નવી ઝડપ | **પેજ 25**

**નવું વર્ષ, નવી શરૂઆત**
ઉત્તરપ્રદેશ, પૂર્વોત્તર અને પશ્ચિમ બંગાળને નવી ભેટ | **પેજ 30-35**

**પ્રથમવાર કોઈ રાજ્યમાં એક સાથે 11 નવી મેડિકલ કોલેજનો પ્રારંભ**
તામિલનાડુના આરોગ્ય માળખાને મળી નવી મજબૂતી | **પેજ 36**

**અક્ષય ઊર્જા ક્ષમતાનું લક્ષ્ય હાંસલ કરવાની દિશામાં વધતાં ડગ**
કેબિનેટની બેઠકમાં મહત્વના નિર્ણયો | **પેજ 37**

**સમાજ સુધારાના પ્રણેતા**
સ્વામી દયાનંદ સરસ્વતીની જન્મજયંતી પર વિશેષ | **પેજ 42**

**પરીક્ષા પર ચર્ચા**
પરીક્ષા પૂર્વે વડાપ્રધાન મોદીની વિશેષ પહેલ | **પેજ 43**

**શિક્ષણ અને પ્રાકૃતિક ખેતી માટે બન્યા પ્રેરણાસ્ત્રોત**
બદલાતા ભારતની સકારાત્મક કહાનીઓ | **પેજ 44**



**સમાજ સુધારાની ઝૂંબેશ સાથે આઝાદીની લડાઈ પણ લડ્યા**
અમૃત મહોત્સવની શ્રૃંખલામાં આ અંકમાં વાંચો સુભદ્રાકુમારી ચૌહાણ, શચીન્દ્રનાથ સાન્યાલ, સતગુરુ રામસિંહ અને ગાંધીવાદી વિચારક મગનભાઈ દેસાઈની કહાની | **પેજ 38-41**

# સંપાદકની કલમે..

સાદર નમસ્કાર!

ચાણક્ય નીતિ કહે છે, "**कार्य पुरुषा करे, ना लक्ष्यम संपा दयाते**" એટલે કે ઇચ્છાશક્તિ સાથે કરેલા પ્રયત્નો દ્વારા લક્ષ્ય ચોક્કસ હાંસલ કરી શકાય છે. કોવિડ સામેની લડાઈમાં ટીમ ઈન્ડિયાએ કરેલી કામગીરીએ આ નીતિને ફરી એક વાર સાચી ઠેરવી છે. ભારતમાં કોવિડ મહામારી પ્રવેશી ત્યારે સમગ્ર વિશ્વને ભારત પર શંકા હતી. પણ 'હર ઘર દસ્તક' અભિયાન સુધી પહોંચેલી રસીકરણ કામગીરીએ સાબિત કરી દીધું કે અડગ નિર્ધાર સાથે કામ કરીએ તો પવન હોય તો પણ દીવો બળી શકે છે. નવા ભારતની તાકાતનાં પરિણામે આપણે એક વર્ષથી ઓછાં સમયમાં 150 કરોડથી વધુ લોકોનું રસીકરણ કરી ચૂક્યા છીએ, 15-18 વર્ષના કિશોરોને રસી આપવાનું શરૂ કરી દેવામાં આવ્યું છે, ફ્રન્ટલાઇન વર્કર્સ અને વરિષ્ઠ નાગરિકો માટે પ્રિકોશન ડોઝની શરૂઆત કરવામાં આવી છે.

જીવન જીવવાની સરેરાશ ઉંમરમાં એક વર્ષનો વધારો દેશની જીડીપીમાં ચાર ટકાનો વધારો કરે છે. આ વાતને ધ્યાનમાં રાખીને જ કેન્દ્ર સરકારે 'જાન હૈ તો જહાં હૈ' અને 'જાન ભી જહાં ભી' ના બે મંત્રોની સાથે કોવિડ સામે યુધ્ધની શરૂઆત કરી હતી. પ્રારંભિક દિવસોમાં ભારતમાં દવા, પીપીઇ કિટ, એન-95 માસ્કનું ઉત્પાદન નહિંવત હતું. આ ચીજો ઉપરાંત રસી માટે આપણે વિદેશો પર આધાર રાખવો પડતો હતો. આજે આપણે પીપીઇ કિટ, માસ્ક, રસી અને દવાઓનાં ઉત્પાદનમાં વિશ્વમાં મોખરે છીએ, તેનું કારણ આત્મનિર્ભરતાની દિશામાં વધતાં ડગ. રસીકરણ શરૂ કર્યાના એક વર્ષથી ઓછા સમયમાં દેશની 100 ટકા વસતિ સુધી પહોંચ સુનિશ્ચિત કરવાની ભારતની આ સિધ્ધિ આત્મનિર્ભરતા, આત્મગૌરવનું પ્રતીક છે, પણ તેનાંથી સંતુષ્ટિ પામવાની જરૂર નથી કારણ કે દેશનાં 130 કરોડ લોકોની લોકોની ભાગીદારીથી શરૂ થયેલી આ લડાઇ હજુ ચાલુ છે. જ્યાં સુધી યુધ્ધ ચાલી રહ્યું હોય. શસ્ત્રો નીચા ન મૂકી શકાય. કોરોના વાયરસના બદલાઈ રહેલા વેરિઅન્ટને ધ્યાનમાં રાખતા કેન્દ્ર સરકાર દરેક સંભવિત પડકારનો સામનો કરવા તૈયારી કરી રહી છે. આ ઉપરાંત, રસીકરણની ગતિને વધુ ઝડપી કરવામાં આવી રહી છે. રસીકરણ અભિયાનને 16 જાન્યુઆરીએ એક વર્ષ પૂરું થયું ત્યાં સુધીની યાત્રા આ અંકની કવર સ્ટોરી છે.


વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનના પ્રારંભથી રેલવેને મળેલી નવી દિશા, જાન્યુઆરીના પ્રથમ પખવાડિયામાં વડાપ્રધાને રાષ્ટ્રને વિકાસની વિચારધારા સાથે જોડનારી નવી યોજનાઓ શરૂ કરી, તો 25મા રાષ્ટ્રીય યુવા મહોત્સવ પ્રસંગે યુવાનોના નેતૃત્વમાં નવા ભારતનો વિકાસ, અમૃત મહોત્સવમાં મહાનાયકોની પ્રેરક કહાનીઓ, વ્યક્તિત્વ શ્રૃંખલામાં સ્વામી દયાનંદ સરસ્વતી અને રાજપથ પર પરેડનાં નવા આકર્ષણો સાથે ભારતીય પ્રજાસત્તાક દિવસની ઝલક આ અંકની વિશેષ વાંચન સામગ્રી છે.

કોવિડ પ્રોટોકોલનું પાલન કરો અને તમારા સૂચનો અમને ઈમેલ response-nis@pib.gov.in પર મોકલતા રહો.

જયદીપ ભટનાગર

**(જયદીપ ભટનાગર)**

# પ્રતિભાવ




ન્યૂ ઇન્ડિયા સમાચાર મેગેઝીનમાં સરકાર દ્વારા દેશહિતમાં કરવામાં આવી રહેલા મહત્વપૂર્ણ વિકાસ કાર્યોની માહિતી મળે છે, જે સોશિયલ મીડિયા પર નથી મળી શકતી. સૌથી સારી વાત એ છે કે આ મેગેઝીન વાંચીને મારી જાણકારીમાં વધારો થયો છે. 1થી 15 જાન્યુઆરી, 2022ના અંકમાં ગોરખપુર ખાતર કારખાના અંગે મહત્વપૂર્ણ માહિતી મળી.

**niralabhuwanpati1964@gmail.com**

---

1-15 જાન્યુઆરીનો અંક મળ્યો. આ અંકમાં બનારસ કોરિડોર, બિપીન રાવત અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા પ્રોજેક્ટ્સનાં શિલારોપણ અને લોકાર્પણ અંગેની માહિતી મળી. આ ઉપરાંત, ગંગા નદીમાં સ્નાન કરતા વડાપ્રધાન મોદીજીની તસવીર પણ ગમી.

**-શ્રીગોપાલ શ્રીવાસ્તવ**

**shrigopal6@gmail.com**

મને ઈમેલ પર ભારત સરકારના સૂચના અને પ્રસારણ મંત્રાલય દ્વારા પ્રકાશિત ન્યૂ ઇન્ડિયા સમાચાર મેગેઝીન મળી રહ્યું છે, જેનાં માટે હું આપનો આભારી છું.

**વરૂણ શર્મા**

**varunbaran@gmail.com**

મને ન્યૂ ઇન્ડિયા સમાચાર મેગેઝીન વાંચીને ઘણો આનંદ થયો છે. ખાસ વાત એ છે કે મેગેઝીનમાં વર્તમાન પ્રવાહોનું ખૂબ સારું જ્ઞાન મળે છે. હું આગામી અંકોની રાહ જોતો હોઉં છું.

**જેઠારામ હુડ્ડા**

**jetharamchoudharylorta@gmail.com**

ન્યૂ ઇન્ડિયા સમાચાર મેગેઝીનનો 16-31 ડિસેમ્બરનો અંક વાંચવાની તક મળી. મુખપૃષ્ઠ પર વડાપ્રધાનની તસવીર અને ડિઝાઈન આકર્ષણનું કેન્દ્ર છે. 'આઝાદી કા અમૃત મહોત્સવ' અંતર્ગત ગુમનામ નાયકોને શોધી-શોધીને રજૂ કરવામાં આવી રહ્યા છે, જે પ્રશંસનીય છે.

**-મુકેશકુમાર ઋષિ વર્મા**

**mukesh123idea@gmail.com**

હું ન્યૂ ઇન્ડિયા સમાચાર મેગેઝીનનો જૂનો વાચક છું. આ મેગેઝીનમાં દેશની પ્રગતિ, દેશમાં ચાલી રહેલા નવા પ્રોજેક્ટ, આગામી પ્રોજેક્ટ અને ભારતના વીર સ્વતંત્રતાસેનાનીઓ અંગે અદભૂત માહિતી મળે છે. આનાથી મને પ્રેરણા પણ મળે છે કે હું પણ મારું જીવન દેશની સેવા માટે સમર્પિત કરું.

**piyush17220878@gmail.com**

## ઇમેલ એડ્રેસ

**ઇમેલ- response-nis@pib.gov.in**



# સાહિબજાદા જોરાવરસિંહ અને ફતેહસિંહજીની શહાદતની યાદમાં 26 ડિસેમ્બરે વીર બાલ દિવસ મનાવવામાં આવશે

ધર્મનાં રક્ષણ માટે ગુરુ ગોવિંદસિંહે પોતાનું સર્વસ્વ ત્યજી દીધું હતું. એમણે જીવનમાં અનેક બલિદાન આપ્યા હતા. શીખોના દસમા ગુરુ શ્રીગુરુ ગોવિંદસિંહજીના ચારેય પુત્રોની શહાદત ઈતિહાસનું એવું સુવર્ણ પાનું છે જેની કોઈ જોડ મળે એમ નથી. તેમનાં ચારેય પુત્રો સાહિબજાદા અજીતસિંહ, જુઝાર સિંહ, જોરાવરસિંહ અને ફતેહસિંહે શહીદી વ્હોરી લીધી પણ ધર્મ પર આંચ ન આવવા દીધી. તેમની યાદમાં 21થી 27 ડિસેમ્બર સુધી શીખ બલિદાની સપ્તાહ મનાવવામાં આવે છે. હવે સાહિબજાદા જોરાવરસિંહ અને સાહિબજાદા ફતેહસિંહજીની શહાદતના પુણ્યસ્મરણમાં દર વર્ષે 26 ડિસેમ્બરે 'વીર બાલ દિવસ' મનાવવામાં આવશે. ગુરુ ગોબિંદસિંહજીની જન્મજયંતી પ્રકાશ પર્વ પ્રસંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ જાહેરાત કરી હતી. વડાપ્રધાને ટ્વીટમાં લખ્યું કે, “વીર બાલ એ દિવસ છે, જ્યારે સાહિબજાદા જોરાવરસિંહ, સાહિબજાદા ફતેહસિંહ આ દેશ માટે કુરબાન થઈ ગયા હતા અને તેમને દિવાલમાં જીવતા ચણી દેવામાં આવ્યા હતા. આ બે મહાન વિભૂતિઓએ બીજો ધર્મ અંગીકાર કરવાને બદલે મોતને વ્હાલું કર્યું હતું. લોકો તેમનાં વિષે જાણે એ સમયની માંગ છે.”

## દૂધનાં ઉત્પાદનમાં ગ્લોબલ લીડર તરીકે ઊભરી રહેલું ભારત

કોવિડ જેવા કટોકટીના સમયમાં સમગ્ર વિશ્વએ ભયંકર મુશ્કેલીનો સામનો કર્યો એ જ સમયે ભારતને આત્મનિર્ભર બનાવવા માટે આપત્તિને અવસરમાં બદલવાની શરૂઆત પણ થઈ. ખાસ કરીને કૃષિ અને નાના ઉદ્યોગોને ટેકો આપવા માટે કેન્દ્ર સરકારે અનેક નવી પહેલ પણ કરી. દૂધ ઉત્પાદનના ક્ષેત્રમાં અસીમ સંભાવનાઓને જોતાં ડેરી પ્રોસેસિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ ફન્ડ અંતર્ગત તેનાં પર વિશેષ ધ્યાન આપવામાં આવ્યું છે. વર્ષ 2013-14માં ભારતમાં 13.76 કરોડ ટન દૂધનું ઉત્પાદન થતું હતું, જે વર્ષ 2019-20માં વધીને 19.84 કરોડ ટન થઈ ગયું છે. વર્ષ 2024 સુધી દૂધ ઉત્પાદન વધીને 33 કરોડ ટન થવાની સંભાવના છે. હાલમાં માત્ર 20-25 ટકા દૂધ જ પ્રોસેસિંગ સેક્ટર અંતર્ગત આવે છે, જેને વધારીને 40 ટકાએ લઈ જવાનાં સરકારનાં પ્રયાસ છે.



## વર્ષ 2030 સુધી જાપાનને પાછળ છોડી દેશે ભારતીય અર્થતંત્ર

નાણાંકીય વર્ષ 2020-21માં કોવિડ કાળમાં સખત લોકડાઉન વચ્ચે ભારતનું અર્થતંત્ર નકારાત્મક સ્તરમાં જતું રહ્યું હતું પણ આત્મનિર્ભર ભારત જેવા મહાઅભિયાનને કારણે સકારાત્મક વૃધ્ધિદર હાંસલ થયો એટલું જ નહીં પણ નાણાંકીય વર્ષ 2021-22નાં બીજા ત્રિમાસિક સમયગાળામાં 8.4 ટકાનાં વૃધ્ધિદર સાથે વિશ્વમાં સૌથી ઝડપથી વૃધ્ધિ કરી રહેલું અર્થતંત્ર પણ બન્યું. હવે અર્થતંત્રનાં મોરચે વધુ એક સારા સમાચાર આવ્યા છે. આઈએચએસ માર્કિટના અહેવાલ પ્રમાણે ભારતીય અર્થતંત્ર વર્ષ 2030 સુધી જાપાનને પાછળ છોડી શકે છે. ત્યાં સુધી ભારતની જીડીપીનું કદ જર્મની અને બ્રિટનથી પણ વધુ થવાની અને વિશ્વનું ત્રીજું મોટું અર્થતંત્ર બનવાની સંભાવના છે. ભારત હાલમાં અમેરિકા, ચીન, જાપાન, જર્મની અને બ્રિટને બાદ વિશ્વનું છઠ્ઠું સૌથી મોટું અર્થતંત્ર છે.



# જાન્યુઆરી મહિનામાં જોજિલા પાસને ખુલ્લો રાખીને ઇતિહાસ રચ્યો

બોર્ડર રોડ ઓર્ગેનાઇઝેશન (બીઆરઓ)ના કર્મચારીઓની ભારે મહેનતને પગલે કાશ્મીરથી લડાખને જોડતો જોજીલા પાસ જાન્યુઆરીની કડકડતી ઠંડીમાં પણ ચાલુ રહ્યો છે. સામાન્ય રીતે જોજીલા પાસને 31 ડિસેમ્બર પછી બંધ કરી દેવામાં આવે છે. કારણ કે ભારે બરફ અને માઇનસ 20 ડિગ્રી સેલ્સિયસ સુધી નીચે પહોંચી જતાં તાપમાનમાં પરિવહન કરવું અત્યંત મુશ્કેલ બની જાય છે અને શ્રીનગર-લેહ અથવા મનાલી-લેહ નેશનલ હાઇવે બંધ થવાથી લડાખ દેશનાં અન્ય ભાગોથી કપાઈ જાય છે. આ મુશ્કેલ સ્થિતિ છતાં બીઆરઓના કર્મચારીઓ સતત બરફ હટાવીને જોજીલા પાસને ચાલુ રાખવા દિવસ-રાત કામ કરી રહ્યા છે, જેથી સમય પર આવશ્યક ચીજવસ્તુઓનો પુરવઠો પૂરો  પાડી શકાય. જો  કે, ભારે બરફવર્ષા વચ્ચે દર વર્ષે પડકાર ઊભો કરતી આ પરિસ્થિતિનો સામનો કરવા માટે શ્રીનગર-લેહ રાજમાર્ગ પર જોજીલા ટનલ બનાવવામાં આવી રહી છે. આ ટનલ શ્રીનગર-લેહ ડિવિઝનમાં બાલતાલ અને મીનામાર્ગ વચ્ચે લેહ-લડાખને આખું વર્ષ કનેક્ટિવિટી પૂરી પાડશે. એશિયામાં બંને દિશાઓથી આવતી-જતી આ સૌથી મોટી ટનલ હશે. સાથે સાથે 11,575 ફુટની ઊંચાઈ પર વિશ્વની  આ સૌથી ઊંચી ટનલ હશે. તેનું કામ વર્ષ 2023ના અંત સુધી પૂરું થવાની સંભાવના છે.



## નાણાંકીય વર્ષમાં 65 લાખથી વધુ લોકો અટલ પેન્શન યોજનામાં જોડાયા

ઘડપણમાં આર્થિક તંગીથી બચવા માટે સૌથી મોટો સહારો પેન્શન જ હોય છે. પણ અસંગઠિત ક્ષેત્રમાં કામ કરતા કરોડો લોકોને તેનો લાભ નથી મળતો. 60 વર્ષની ઉંમર પછી તેમને આવી ચિંતાનો સામનો ન કરવો પડે તે માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મે 2015માં અટલ પેન્શન યોજનાની શરૂઆત કરી હતી. આ યોજનામાં નિશ્ચિત આવકની ગેરન્ટી આપવામાં આવે છે. આ યોજનાના લાભાર્થીને 60 વર્ષ બાદ દર વર્ષે મહત્તમ રૂ.60,000 મળે છે. એટલે કે રોજના માત્ર સાત રૂપિયાના રોકાણથી દર મહિને રૂ. 5,000નું પેન્શન મળે છે. આ યોજનાનો લાભ કોઈ પણ વ્યક્તિ લઈ શકે છે. તેમાં કરમુક્તિનો લાભ પણ મળે છે. ચાલુ નાણાંકીય વર્ષ 2021-22માં અત્યાર સુધી 65 લાખથી વધુ લોકો આ યોજના અંતર્ગત પોતાનું રજીસ્ટ્રેશન કરાવી ચૂક્યા છે. યોજનાના સાડા છ વર્ષમાં રજીસ્ટ્રેશન કરાવનારાની સંખ્યા રૂ. 3.68 કરોડથી વધુ છે.

આવી રીતે કરો અરજીઃ **અટલ પેન્શન યોજનાની સત્તાવાર વેબસાઇટ- https://enps.nsdl.com/eNPS/NationalPensionSystem ઉપરાંત APY એપ પર આ યોજના માટે રજીસ્ટ્રેશન કરાવી શકાય છે.**

## હવે ઇન્ટરનેટ વગર રૂ. 200 સુધીનું ડિજિટલ પેમેન્ટ ઓફલાઇન કરી શકાશે




દેશને ડિજિટલ બનાવવાનું સપનું વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 2014માં જોયું હતું. ભીમ યુપીઆઇ જેવી એપે આ સપનાને નવી પાંખો આપી, તો કોવિડનાં સમયમાં યુપીઆઇ ટ્રાન્ઝેક્શન્સમાં  વિક્રમ સર્જાયો, જેણે સાબિત કર્યું કે ડિજીટલ ટ્રાન્ઝેક્શન આજના સમયની મોટી અને પાયાની જરૂરિયાત છે. આ દિશામાં વધુ એક ઐતિહાસિક પગલું લેતા ભારતીય રિઝર્વ બેન્કે નવી શરૂઆત કરી છે. ડિજીટલ પેમેન્ટ માટે પ્રસિધ્ધ કરવામાં આવેલા નવા નિયમો અનુસાર હવે કોઇ વ્યક્તિ ઓફલાઇન એટલે કે ઇન્ટરનેટ વગર 200 રૂપિયા સુધીનું પેમેન્ટ કરી શકશે. ઓફલાઇન પેમેન્ટ માટે ગ્રાહક કાર્ડ, મોબાઇલ વોલેટ કે મોબાઇલ ડિવાઇસ જેવા અલગ અલગ માધ્યમનો ઉપયોગ કરી શકે છે. ઓફલાઇન મોડમાં પેમેન્ટ હંમેશા સામ-સામે કરવામાં આવશે. ●

## રસીકરણ 160 કરોડને પાર

# રાષ્ટ્ર શક્તિનું ઉદાહરણ



**100 વર્ષની સૌથી મોટી મહામારી કોવિડ વિરુધ્ધની લડાઈમાં દેશે નવા નવા ઉકેલ શોધ્યા, ઈનોવેટિવ પધ્ધતિઓ અજમાવી. દરેક રાજ્યોનાં લોકોએ પોતાની રીતે નવા નવા પ્રયોગ કર્યા. વિજ્ઞાન નિર્મિત, વિજ્ઞાન સંચાલિત અને વિજ્ઞાન આધારિત રસીકરણના મહાઅભિયાને કોઈ પણ પ્રકારનાં ભેદભાવ વગર માનવ જાતિના ઈતિહાસમાં અભૂતપુર્વ કામ કર્યું અને 130 કરોડ દેશવાસીઓના સામૂહિક પ્રયાસને પગલે વિજય સુનિશ્ચિત કર્યો. આ અભિયાનમાં તમામ લોકો જોડાયા અને તેનું આશ્ચર્યજનક પરિણામ મળ્યું. એક વર્ષથી ઓછા સમયમાં રસીના 160 કરોડ ડોઝ લગાવવાનો વિક્રમ તેનું જીવતું જાગતું ઉદાહરણ છે. રસીના બંને ડોઝથી બધાંને સલામતી કવચ મળે તે માટે 'હર ઘર ટીકા, ઘર ઘર ટીકા' અભિયાને આપેલા આત્મવિશ્વાસથી આગળ વધતું ભારત કૃતસંકલ્પ છે, જેથી આઝાદીના 75મા વર્ષમાં દેશ સ્વસ્થ હોય અને લોકોમાં નવો ઉંમગ અને ઉત્સાહનો સંચાર થાય.**



*રાજસ્થાનનો બાડમેર જિલ્લો સરહદની નજીક છે. સરહદ પરના સુંદરા ગામમાં જાગૃતિનો અભાવ છે અને રોડ જેવી પ્રાથમિક સુવિધાની પણ અછત છે. કાચો રોડ અને તૂટેલી પગદંડીઓ વચ્ચે અહીં કાર દ્વારા પહોંચવું અત્યંત મુશ્કેલ છે. એટલાં માટે જ અહીં કોવિડનું રસીકરણ મોટો પડકાર હતો. તેમ છતાં, આરોગ્યકર્મીઓએ હાર ન માની. ક્યાંક ઉંટ પર તો ત્યાંક પગપાળા જઈને રસીકરણ કામગીરી પૂરી કરવામાં આવી.*

***હું 20 મહિનાથી પેટા આરોગ્ય કેન્દ્ર સુંદરામાં કામ કરું છું. અહીં રહેવાની વ્યવસ્થા નથી અને બિલ્ડિંગ ખંડેર થઈ ગઈ છે. આ વિસ્તારમાં લોકો ઓછું ભણેલા છે અને લોકોને રસીકરણનાં ફાયદા સમજાવવામાં પણ ભારે મહેનત કરવી પડે છે.   -મુકેશ (સુંદરા આરોગ્ય કેન્દ્રમાં એએનએમ)***

*મહારાષ્ટ્રના નંદુરબાર જિલ્લામાં અંતરિયાળ વિસ્તારોમાં રહેતા લોકોનું રસીકરણ કરવું ખૂબ મુશ્કેલ કામ હોવાથી નૌકા એમ્બ્યુલન્સની મદદ લેવામાં આવી, જેથી લોકોને કોવિડની રસી મૂકાવી શકાય.*

***રસી આપવા માટે એક દિવસમાં આટલાં બધાં સ્થળોએ જવું શક્ય નહોતું. તેથી અમારે બે-ત્રણ દિવસ સુધી હોડીમાં અને લોકોનાં ઘરોમાં રહેવું પડ્યું. અમારો એ પ્રયત્ન હતો કે કોવિડ સામેની લડાઈમાં એક પણ વ્યક્તિ રસીકરણથી બાકાત ન રહી જાય.***
***-ડો. અનિલ પાટીલ (રસીકરણ ટીમના વડા)***

***એક પણ વ્યક્તિ રસીકરણથી રહી ન જાય તે માટે આસામના ધુબરી જિલ્લામાં 'હર ઘર દસ્તક' અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. આ અભિયાન અંતર્ગત કોઈ કારણસર એક પણ ડોઝ ન લેનાર વ્યક્તિને રસીકરણનું મહત્વ સમજાવવામાં આવે છે. આરોગ્યકર્મી તેમને સમજાવે છે, 'કોવિડ રસી લેવાથી કોઈ બિમાર નથી પડતું. આ તો એટલા માટે છે જેથી તમે અને તમારા પરિવારજનોને કોવિડ સામે સંપૂર્ણ રક્ષણ મળી શકે."***

## રાષ્ટ્રની સમૂહ શક્તિને અભિનંદન

### માનવજાતિના ઈતિહાસમાં અભૂતપુર્વ પડાવ તરીકે 160 કરોડથી વધુ રસીના ડોઝ લગાવવા માટે

**રસીકરણ અંગે ઐતિહાસિક દિવસ. 150 કરોડ રસીના ડોઝની ઉપલબ્ધિ હાંસલ કરવા બદલ દેશવાસીઓને અભિનંદન. આપણા રસીકરણ અભિયાને એ સુનિશ્ચિત કર્યું છે કે વધુ લોકોનો જીવ બચાવી શકાય. સાથે સાથે, આપણે કોવિડ-19 સંબંધિત તમામ પ્રોટોકોલનું પાલન પણ ચાલુ રાખવાનું છે. ભારત એ બધાંનો આભારી છે જેઓ આપણા રસીકરણ અભિયાનને સફળ બનાવવા માટે કામ કરી રહ્યા છે. આપણે આપણા ડોક્ટરો, વૈજ્ઞાનિકો, સંશોધકો અને રસી લગાવનાર આરોગ્યકર્મીઓનો આભાર માનીએ છીએ. હું તમામ પાત્ર લોકોને પોતાનું રસીકરણ કરાવવાનો આગ્રહ રાખું છું. આવો, આપણે સાથે મળીને કોવિડ-19 સામે લડીએ.**

**- નરેન્દ્ર મોદી, વડાપ્રધાન**
**(રસીકરણનો આંકડો 150 કરોડ પર પહોંચ્યો તે સમયે)**

એક રાષ્ટ્ર માત્ર માટી, પાણી અને પથ્થર નથી હોતું પણ 'આપણે બધાં ભારતીયો-વી ધ પીપલ'ની ભાવનાથી મળીને બને છે. કોવિડ સામેની લડાઈ પણ લગભગ બે વર્ષથી આ સંકલ્પ સાથે લડવામાં આવી રહી છે. કેન્દ્ર સરકાર એવું સ્પષ્ટપણે માને છે કે મહામારી સામેનું કવચ ગમે તેટલું સારું, આધુનિક હોય, સલામતીની ગેરન્ટી આપતું હોય તો પણ જ્યાં સુધી યુદ્ધ ચાલી રહ્યું હોય ત્યાં સુધી શસ્ત્રો હેઠાં ન મૂકી શકાય. આ લડાઈ સામે લડવા સંપૂર્ણ સતર્કતા જરૂરી છે. બિમારી કોઈ જાતનો ભેદભાવ નથી કરતી તેથી રસીકરણમાં પણ કોઈ ભેદભાવ ન હોવો જોઈએ. સરકારની આ વિચારધારાને કારણે સમગ્ર મહાઅભિયાનમાં એ સુનિશ્ચિત કરવામાં આવ્યું કે રસીકરણ પર વીઆઈપી સંસ્કૃતિ હાવી ન થઈ જાય. દેશમાં રસી વિકસાવવાથી માંડીને છેવાડાના માનવી સુધી સલામતી કવચ પહોંચાડનારો સમગ્ર રસીકરણ કાર્યક્રમ વિજ્ઞાન પર આધારિત છે, જેણે એક વર્ષથી પણ ઓછાં સમયમાં 150 કરોડ લોકોને રસીનો વિક્રમ સર્જ્યો. વર્તમાન સ્થિતિ એ છે કે આજે ભારતની પુખ્ત વસતિમાંથી 94 ટકાથી વધુ લોકોને રસીનો ઓછામાં ઓછો એક ડોઝ લગાવી દેવામાં આવ્યો છે. 15-17 વર્ષનાં કિશોરો માટે શરૂ કરવામાં આવેલા રસીકરણનાં એક સપ્તાહમાં બે કરોડથી વધુ બાળકોને સલામતી પૂરી પાડવામાં આવી છે. શૂન્યથી શરૂ થયેલો સંકલ્પ 21 જાન્યુઆરી, 2022નાં રોજ 160 કરોડ રસીના ડોઝનું શિખર પાર કરી ચૂક્યો છે, જેનો શ્રેય જાય છે લોકોનાં સહિયારા પ્રયાસને.

પણ આ પ્રયાસ એટલો સરળ નહોતો. સદીની સૌથી મોટી મહામારી ભારતમાં પ્રવેશી ત્યારે તેની સામે લડવાની ભારતની ક્ષમતા અંગે અનેક સવાલો ઉઠાવવામાં આવ્યા. રસી અંગે અનેક સવાલો ઉઠાવવામાં આવ્યા કે બીજા દેશો પાસેથી આટલા બધા ડોઝ ખરીદવાના પૈસા ભારત ક્યાંથી લાવશે? ભારતને ક્યારે રસી મળશે? ભારતના લોકો રસી લગાવી શકશે કે નહીં? શું ભારત આ મહામારીને ફેલાતી રોકવા માટે પૂરતી સંખ્યામાં રસીકરણ કરી શકશે? એવો પણ સવાલ કરવામાં આવ્યો કે ભારત જેવા વિવિધતાસભર દેશમાં સંયમ અને શિસ્ત કઈ રીતે


















## કોવિડ વિરુદ્ધ તૈયારીઓની સાથે રસીકરણ કાર્યક્રમની વડાપ્રધાન સ્તરે સતત સમીક્ષા

શકય બનશે? અને જ્યારે ભારતે રસી વિકસાવી લીધી ત્યારે એવો સવાલ પણ કરવામાં આવ્યો કે મોટાં ભાગનાં લોકો રસી લેવા માટે રસીકરણ કેન્દ્ર પર નહીં જાય. પણ ભારતીય લોકશાહીનો અર્થ જ છે-‘સબકા સાથ, સબકા વિશ્વાસ અને સબકા પ્રયાસ.’ અને આ મંત્રનું પરિણામ એ આવ્યું કે માત્ર એક વર્ષમાં 160 કરોડ ડોઝ લગાવવાનો વિક્રમ સર્જાયો.

### લોકભાગીદારી બની અભિયાનનો આધાર

રેગિસ્તાની વિસ્તારોમાં ઊંટ પર સવાર થઈને જતી નર્સ, ભૂસ્ખલનવાળા વિસ્તારોમાં પગદંડીઓના સહારે આગળ વધતી આશા વર્કર્સ, પૂરગ્રસ્ત વિસ્તારોમાં ‘ટીકે વાલી નાવ’ (રસી આપતી હોડી), ક્યાંક દુર્ગમ પર્વતો, અંતરિયાળ આદિવાસી વિસ્તારો, ભાષા અને ધર્મની વિશેષતાઓ અને અફવાઓ વચ્ચે અભૂતપુર્વ રસીકરણની ગતિ. વીતેલા એક વર્ષમાં રસીકરણની આવી અનેક તસવીરો દેશ સામે આવી, જેણે એ સાબિત કરી આપ્યું કે ભારતનો સામાન્ય નાગરિક કોઈ નિર્ધાર કરી લે તો તેને પૂરો કર્યા વગર અટકતો નથી. વૈવિધ્યસભર દેશમાં કઠણ ભૌગોલિક પરિસ્થિતિઓમાં જનસંવાદ અને જનભાગીદારી વિશ્વના સૌથી મોટા રસીકરણ અભિયાનનો આધાર બની ગયો, જે આ મહામારી વિરુધ્ધ જીવન રક્ષા અને






















# દરેક ઘરમાં રસી
# દરેક સભ્યને રસી

## 3 જાન્યુઆરીથી શરૂ થયેલું 15-17 વર્ષનાં કિશોરોનું રસીકરણ 21 જાન્યુઆરી સુધી 4 કરોડને પાર થયું

માનવ સભ્યતાને બચાવવાનું પ્રતીક બન્યાં. માત્ર નવ મહિનામાં જ સ્વદેશી રસીને વિક્સિત કરવી અને માત્ર એક વર્ષમાં જ પાત્ર વસતિના મોટા હિસ્સા સુધી રસી પહોંચાડવાની દિશામાં ભારત આગળ વધી રહ્યો છે. દેશે 'મફત રસી અને બધાંને રસી' જેવા મોટાં અભિયાનની શરૂઆત કરી. ગરીબ-અમીર, ગ્રામીણ-શહેરી લોકોને સમાન રીતે રસીના ડોઝ આપવામાં આવ્યા. કોઈ પણ પ્રકારનાં ભેદભાવ વગર બધાં સુધી રસી પહોંચાડવાની પહેલ કરવામાં આવી. કેન્દ્ર સરકારે આ મહામારી સામે દેશની લડાઈમાં લોકભાગીદારીને પ્રાથમિકતા આપી.

વૈજ્ઞાનિક પધ્ધતિઓ અને નવા પ્રયોગો દ્વારા ભારતે આ પડકારોનો ઉકેલ શોધી કાઢ્યો. આરોગ્ય માળખાને વધુ મજબૂત કર્યું. ભારતમાં બનેલા કોવિડ પ્લેટફોર્મને કારણે સામાન્ય માણસની સુવિધા વધી એટલું જ નહીં પણ મેડિકલ સ્ટાફનું કામ પણ સરળ બન્યું. રસીકરણમાં દેશે કરેલી પ્રગતિ બધાંની મહેનતનું પરિણામ છે. ડોક્ટરો, આરોગ્યકર્મીઓ સહિત દરેક જિલ્લાના ગામ, નાનામાં નાના કર્મચારી, આશા વર્કરે દૂર દૂરના વિસ્તારો સુધી પગે ચાલીને લોકો સુધી રસી પહોંચાડી છે.

### શૂન્યથી શિખરનો સંકલ્પ

ભારતના રસીકરણ કાર્યક્રમની પ્રશંસા બીજા દેશો પણ કરી

# પાત્ર વયસ્કોને ઓછામાં ઓછો એક ડોઝ આપવાની બાબતમાં આપણે વિશ્વમાં પ્રથમ ક્રમે

| | |
|---|---|
| ભારત | 919.06 |
| અમેરિકા | 294.7 |
| ઇન્ડોનેશિયા | 178.26 |
| બ્રાઝિલ | 167.55 |
| પાકિસ્તાન | 102.69 |
| બાંગલાદેશ | 91.32 |
| મેક્સિકો | 83.00 |
| રશિયા | 75.11 |
| નાઇજીરિયા | 13.16 |

## પાત્ર વયસ્કોને બંને ડોઝ આપનારા દેશોમાં ભારત મોખરે


| | |
|---|---|
| 5.08 | નાઇજીરિયા |
| 57.68 | બાંગલાદેશ |
| 68.96 | રશિયા |
| 76.01 | મેક્સિકો |
| 78.39 | પાકિસ્તાન |
| 121.08 | ઇન્ડોનેશિયા |
| 147.74 | બ્રાઝિલ |
| 208.75 | અમેરિકા |
| 667.55 | ભારત |

આંકડા મિલિયનમાં (19 જાન્યુઆરી,2022 સુધીનો સ્રોત: our world in data)




રહ્યા છે, પણ તેનાં વિશ્લેષણમાં એક વાત હંમેશા રહી જાય છે કે દેશે તેની શરૂઆત ક્યાંથી કરી? વિશ્વનાં બીજા દેશો તો રસીનું સંશોધન અને રસી શોધવામાં દાયકાઓથી નિપુણ હતા. ભારત મહદ્ અંશે આ દેશોએ બનાવેલી રસી પર જ આધાર રાખતું હતું. ભારતના સાધનો-સંસાધનો પર સવાલો ઉઠતા હતા. પણ સામાજિક અને ભૌગોલિક પડકારોનો સામનો કરવા માટે દેશ અને લોકોએ જે પ્રકારનું સંકલન કરીને રસીકરણમાં વિક્રમ સર્જ્યો એ સફળતા પ્રત્યેક ભારતવાસીની મહેનતની પરાકાષ્ઠાનું પરિણામ છે. એટલાં માટે જ ગયા વર્ષે 21 ઓક્ટોબરે ભારતે 100 કરોડ રસીનાં ડોઝ લગાવવાનો વિક્રમ સર્જ્યો ત્યારે વિશ્વભરના રાજકીય વડાઓ અને પ્રમુખોએ ભારતને અભિનંદન આપવાની સાથે સાથે તેને પ્રચંડ અને અતુલનીય સફળતા બતાવી. આ બદલ વડાપ્રધાન મોદીએ વિશ્વનાં નેતાઓનો આભાર માન્યો અને આ અભૂતપુર્વ ઈતિહાસ રચવાનો શ્રેય દેશની 130 કરોડ જનતા, ભારતના વિજ્ઞાનીઓની મહેનત, ડોક્ટરો, નર્સો અને આ અભિયાનમાં

## 94% લોકોને પ્રથમ અને 72% લોકોને બંને ડોઝ આપી દેવાયા




**150 કરોડ રસીનાં ડોઝ અને તે પણ એક વર્ષથી ઓછા સમયમાં. આ આંકડો હિસાબની રીતે મોટો છે. વિશ્વનાં મોટા ભાગના મોટા-મોટા દેશો માટે પણ આ કોઈ આશ્ચર્યથી ઓછું નથી. ભારત માટે આ 130 કરોડ દેશવાસીઓની તાકાતનું પ્રતીક છે. ભારત માટે આ નવી ઇચ્છાશક્તિનું પ્રતીક છે, જે અશક્યને શક્ય કરવા માટે કંઇ પણ કરી બતાવવાની હિંમત ધરાવે છે. ભારત માટે આ પ્રતીક છે આત્મવિશ્વાસનું. આ પ્રતીક છે આત્મનિર્ભરતાનું. આ પ્રતીક છે આત્મગૌરવનું. હું આજે આ પ્રસંગે તમામ દેશવાસીઓને અભિનંદન આપું છું.**

**-નરેન્દ્ર મોદી, વડાપ્રધાન**

જોડાયેલા તમામ લોકોને આપ્યો. આ શ્રૃંખલામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો જન્મદિવસ 17 સપ્ટેમ્બર યાદગાર દિવસ બની ગયો, જ્યારે એક જ દિવસમાં અઢી કરોડ લોકોએ રસી લગાવી. એટલે કે દર મિનિટે 26,000થી વધુ. દર સેકન્ડે 425થી વધુ ડોઝ લગાવવામાં આવ્યા.

### કિશોરોના રસીકરણ અભિયાનમાં ઉત્સાહ

હિમાચલ પ્રદેશના લાહૌલ સ્પીતિમાં રહેતી સિમરન કેલોંગમાં 12મા ધોરણમાં ભણે છે. તેણે તાજેતરમાં જ રસીનો પ્રથમ ડોઝ લીધો છે. તેણે જણાવ્યું, “અમે લાંબા સમયથી રસીની રાહ જોઈ રહ્યા હતા. અમે હવે રસીનો પ્રથમ ડોઝ લઈ લીધો છે. રસી લગાવવામાં અમને કોઈ પણ મુશ્કેલી નહોતી પડી. હું 15થી 17 વર્ષની વિદ્યાર્થીનીઓને અપીલ કરું છું કે તમે બધાં પણ રસીનો પ્રથમ ડોઝ લગાવો. કોવિડ-19 વાયરસ સામે બચાવમાં તે સહાયક સાબિત થશે.” કોવિડનાં સમયગાળામાં યુવાનોને અભ્યાસમાં નુકસાન ન થાય તે માટે કેન્દ્ર સરકાર તરફથી સતત પ્રયાસ કરવામાં આવ્યા છે. તેનાં ભાગ રૂપે હવે 15-17 વર્ષની ઉંમરના કિશોરો માટે મફત રસીકરણ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે અને એક સપ્તાહની અંદર બે કરોડથી વધુ ડોઝ લગાવી દેવામાં આવ્યા છે. આ રસીકરણ અંગે કિશોરોમાં ભારે ઉત્સાહ છે અને તેમને ફરી એક વાર નિયમિત શાળા-કોલેજ જવાની સંભાવના દેખાઈ રહી છે. તેથી, રસી લગાવનારા કિશોરો ખુશી વ્યક્ત કરવાની સાથે સાથે અન્ય લોકોને પણ રસી લગાવવાની અપીલ કરી રહ્યા છે. રસી લગાવનાર કિશોર-કિશોરીઓનું માનવું છે કે તેમને રસી લગાવવાનો અત્યંત આનંદ છે કારણ કે કોવિડના નવા નવા વેરિએન્ટ સામે આવી રહ્યા છે ત્યારે તેની સામે બચાવ અત્યંત જરૂરી છે.

### આત્મનિર્ભરતાએ નવો માર્ગ દર્શાવ્યો

આપણે હાર્યા નથી અને હારીશું પણ નહીં. કોવિડ સામેની લડાઈમાં ભારતે વધુ એક સિદ્ધિ હાંસલ કરી છે. 160 કરોડથી વધુ રસીના ડોઝનો આંકડો રસીકરણના ઉત્સવનો નથી, પણ આ આંક આત્મનિર્ભર બની રહેલા ભારતનો છે. આ ઉત્સવ આપણા ડોક્ટરો, નર્સ અને હેલ્થ વર્કર્સ પ્રત્યેના સમર્પણ ભાવનો છે. આ ઉત્સવ વૈજ્ઞાનિકો અને

# ઓક્સિજન ઉત્પાદન ક્ષમતા 10 ગણી વધી




**9300**
મેટ્રિક ટન થઈ લિક્વિડ મેડિકલ ઓક્સિજનની ઉત્પાદન ક્ષમતા બીજી લહેર દરમિયાન, 2019માં 900 મેટ્રિક ટન હતી

**1500**
થી વધુ પ્રેશર સ્વિંગ એડસોર્પશન ઓક્સિજન જનરેશન (પીએસએ) પ્લાન્ટને મંજૂરી આપવામાં આવી

**1225**
પીએસએ પ્લાન્ટને પીએમ કેર્સ ફન્ડ અંતર્ગત દેશના દરેક જિલ્લામાં લગાવવામાં આવ્યા છે

**1463**
પીએસએ ઓક્સિજન પ્લાન્ટ ચાલુ થઈ ચૂક્યા છે

**3,000** પીએસએ ઓક્સિજન પ્લાન્ટ હાલમાં સંપૂર્ણ રીતે કામ કરી રહ્યા છે. ચાર લાખ ઓક્સિજન સિલિન્ડર દેશભરમાં આપવામાં આવ્યા છે


## ઓક્સિજન ઉત્પાદનથી માંડીને આઇસોલેશન બેડ સુધીની તમામ વ્યવસ્થા સતત સુધારવામાં આવી છે

રસીની શોધ કરનાર કર્મવીરો પ્રત્યે સન્માનનો છે. આ ઉત્સવ છે આપણી આશા અને આંગણવાડી કાર્યકરોની કર્મશીલતાનો છે. આ ઉત્સવ છે ભારતના કુશળ નેતૃત્વ પ્રત્યે સન્માનનો. તેમણે બતાવી આપ્યું કે ભારત પોતાનાં જોરે દરેક અવરોધોને પાર કરવાનું જાણે છે. કોવિડનાં રસીકરણમાં જે રીતે ભારત નવી ઊંચાઈઓ હાંસલ કરી રહ્યું છે તેની પાછળ વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું માર્ગદર્શન રહ્યું છે, જેઓ શરૂઆતથી જ કોવિડ સામેની લડાઈની આગેવાની લઈ રહ્યા છે. ભારતીયોનાં સંકલ્પને પરિણામે જ ભારત આજે કોવિડ સામેની લડાઈમાં મક્કમતાથી ઊભું છે. વિશ્વનાં સૌથી મોટાં, ઝડપી અને મફત રસીકરણની તાકાત આજે દરેક બાજુએ દેખાઈ રહી છે. ‘હર ઘર દસ્તક’ અભિયાને તેને નવી ગતિ પૂરી પાડી છે, તો તેનું કારણ છે આત્મવિશ્વાસ. આ આત્મવિશ્વાસ જ કોઈ પણ અભિયાનનો મૂળ આધાર હોય છે. રસીકરણમાં આપણે વિક્રમ સર્જી શક્યા તેની પાછળના આત્મવિશ્વાસનો આધાર દેશનું વર્તમાન નેતૃત્વ છે, જે પડકારો અને સમસ્યાઓનો સામનો કરવામાં વિશ્વાસ ધરાવે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કોવિડના પડકારોને તકમાં બદલીને આત્મનિર્ભર ભારતની ઝૂંબેશને ગતિ આપી અને પરિણામે આપણને બે બે સ્વદેશી રસી મળી. આ માટે ડિજિટલ ટેકનોલોજીને જ આધાર બનાવવામાં આવ્યો. 16 જાન્યુઆરી, 2021નાં રોજ રસીકરણ અભિયાનની શરૂઆત થઈ ત્યારે અનેક પ્રકારની શંકાનો માહોલ હતો અને રસીમાં ફ્રન્ટલાઈન વર્કર્સને જ પ્રાથમિકતા આપવામાં આવી. જો કે, ભારતને રસીકરણમાં 10 કરોડ ડોઝનો આંકડો સ્પર્શવામાં 85 દિવસ લાગ્યા, પણ એ પછી ભારતે કોવિડ સામે નિર્ણાયક લડાઈ શરૂ કરી. આ ઝૂંબેશનું પરિણામ એ આવ્યું કે એક વર્ષની અંદર જ 160 કરોડથી વધુ રસીનાં ડોઝ લગાવવામાં સફળતા હાંસલ કરી. આ માત્ર એક આંકડો નથી, પણ ભારતની પોતાની રસી,

# લોકડાઉનથી પહેલી લહેર, પછી બીજી અને પછી ત્રીજી લહેર સુધી મજબૂત બની વ્યવસ્થા

**05** લાખ ઓક્સિજન બેડ ઉપલબ્ધ છે ત્રીજી લહેરનાં પડકારો વચ્ચે

**90** હજાર આઈસીયુ અને નોન આઈસીયુ બેડ ઉપલબ્ધ છે બાળકો માટે




રસીકરણ માટે આટલું મોટું નેટવર્ક અને કુશળ કર્મચારીઓ તથા દેશની તાકાતનું જીવતું જાગતું ઉદાહરણ છે. આ સફળતાએ વધુ એક વાર વિશ્વને ભારતની ક્ષમતાનો પરિચય કરાવ્યો, કારણ કે વાત રાષ્ટ્રની આવે ત્યારે દરેક ભારતીયનો એ સ્વભાવ છે કે તે ઊર્જાસભર બનીને ગૌરવ ગાથા લખવા તૈયાર થઈ જાય છે.

તેની પહેલ થઈ “જાન હૈ તો જહાન હૈ અને જાનભી જહાન ભી”ના મંત્ર સાથે. આ બંને મંત્રો પર આગળ વધતા કેન્દ્ર સરકારે


## ત્રીજી લહેર વચ્ચે દવાઓના બફર સ્ટોકથી માંડીને તમામ તૈયારીઓની સતત સમીક્ષા કરવામાં આવી રહી છે

કોવિડ સામેનાં બચાવની સાથે સાથે ભવિષ્યની રણનીતિ પર કામ શરૂ કરી દીધું હતું. ત્યારે કોઈએ સપનામાં પણ વિચાર્યું નહોતું કે ભારત પોતે કોવિડની રસી બનાવી શકે છે. લોકો


## દરેક વ્યક્તિ સુધી રસી પહોંચે તે માટે દેશભરમાં ‘હર ઘર દસ્તક’ અભિયાનની શરૂઆત થઈ

વિચારતા હતા કે અમેરિકા પોતાની રસી બનાવશે. પહેલાં પોતાના નાગરિકોને રસી આપશે અને પછી બચેલી રસી વિશ્વનાં અન્ય દેશોને મોકલશે. પણ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના દૂરોગામી અભિગમને કારણે દેશમાં જ રસી બનાવવાનું બીડું ઝડપ્યું અને ભારતે વ્યૂહાત્મક રીતે આ દિશામાં પગલાં લેવાનું શરૂ કર્યું અને ટાસ્ક ફોર્સ બનાવીને રસી વિક્સાવવાનું કામ શરૂ કર્યું. વડાપ્રધાન નરેન્દ્ર મોદી પોતે પૂણે, ગુજરાત અને હૈદરાબાદ ગયા અને રસી બનાવતી કંપનીઓને પ્રોત્સાહન પૂરું પાડ્યું. તેમણે આ કંપનીઓને મદદ કરી અને તેનું પરિણામ એ આવ્યું કે જોતજોતામાં બે રસી-કોવિશીલ્ડ અને કોવેક્સિન ઉપયોગ માટે તૈયાર થઈ ગઈ. રસી બની તે પહેલાં જ રસીકરણ માટે હેલ્થવર્કર્સને મોટા પાયે તાલીમ આપવામાં આવી. રસીનો સંગ્રહ કરવાની, પરિવહનની અને સિરીંજ પૂરી પાડવાની યોજના પહેલેથી જ તૈયાર કરી દેવામાં આવી હતી. જ્યારે રસી આપવામાં આવી ત્યારે સૌ પ્રથમ હેલ્થ વર્કર્સને રસી લગાવવાનો નિર્ણય લેવામાં આવ્યો. ફ્રન્ટલાઈન વર્કર્સ અને વડીલો બાદ તેમાં તમામ પુખ્તો અને હવે 15-17 વર્ષના કિશોરોને પણ સામેલ કરવામાં આવ્યા. ટીમ ઈન્ડિયાના પ્રયાસોથી વિજ્ઞાન અને ટેકનોલોજીમાં દેશે પ્રગતિ કરી અને ટોચનાં નેતૃત્વએ કોવિડ સામેની લડાઈમાં તેને મૂળ આધાર બનાવ્યો. કોવિડ સામે લડવા માટે ઈન્ફ્રાસ્ટ્રક્ચરને શૂન્યમાંથી ઊભું કરવાનું હોય ક પછી લોકડાઉનને કારણે સામાન્ય લોકોની મુશ્કેલી દૂર કરવા ગરીબ કલ્યાણ પેકેજ સહિતની આર્થિક સહાયતા પહોંચાડવાની હોય કે પછી રસી વિક્સાવવાની હોય, કેન્દ્ર સરકારે વિજ્ઞાન અને ટેકનોલોજીને જ સૌથી મોટો આધાર બનાવ્યો. સમવાય માળખાનું અદભૂત ઉદાહરણ રજૂ કરતા કેન્દ્ર સરકારે ડઝનથી વધુ વાર મુખ્યમંત્રીઓને વિશ્વાસમાં લઈને આ આપત્તિને અવસરમાં બદલી અને આત્મનિર્ભરતાનું દ્રષ્ટાંત રજૂ કર્યું. વિજ્ઞાન અને ટેકનોલોજીના સુભગ સમન્વયને કારણે આપણે ગણતરીના મહિનાઓમાં રસી તૈયાર કરી


## ભારતમાં અત્યાર સુધી રસીકરણની સ્થિતિ




### કોને, કઈ રસી લગાવાઈ




### કયા વયજૂથમાં અત્યાર સુધી કેટલી રસી




(*આંકડા 21 જાન્યુઆરી, 2022 સુધી। સ્રોત: COWIN)

# કોવિડ સામેની લડાઈમાં આ રીતે આગળ વધ્યા આપણે




| | લોકડાઉન 1 | બીજી લહેર | ત્રીજી લહેર |
|---|---|---|---|
| પીપીઈ કિટ ઉત્પાદન | નહોતું થતું | 4.5 લાખ પ્રતિ દિન | વિશ્વમાં સૌથી મોટું નિકાસકાર |
| એન-95 માસ્ક | ઉત્પાદન નહિવત | દૈનિક 1.26 કરોડ | સૌથી મોટાં નિકાસકારોમાં સમાવેશ |
| પરીક્ષણ લેબ | 134 (માર્ચ 2020 સુધી) | 2600 (જુલાઈ 2021) | 3128 (જાન્યુઆરી 2022) |
| રસી | નહોતી | કોવેક્સિન અને કોવિશીલ્ડ | કોવેક્સિન, કોવિશીલ્ડ, સ્પુતનિક વી, ઝાયકોવ-ડી, કોવોવેક્સ, કોર્બીવેક્સ |
| રસીકરણ | - | 50 કરોડ (6 ઓગસ્ટ, 2021) | 160.43 કરોડ (21 જાન્યુઆરી, 2022) |

## હિમાચલ પ્રદેશ દેશનું પ્રથમ રાજ્ય છે, જ્યાં પાત્ર વયસ્ક વસતિને રસીનાં બંને ડોઝ આપી દેવામાં આવ્યા છે

લીધી એટલું જ નહીં પણ સંપૂર્ણ મોનિટરીંગ કરીને છેવાડાના માણસ સુધી પહોંચાડવા માટેનું માળખું પણ ઊભું કરી લીધું. ભારતનું કો-વિન પ્લેટફોર્મ આજે વિશ્વ માટે પણ ઉદાહરણ બની ચૂક્યું છે. 130 કરોડથી વધુની વસતિ ધરાવતા ભારતમાં સ્વદેશી રસીની સફર સુધી પહોંચવું સરળ નહોતું. આત્મનિર્ભર ભારત પેકેજ અંતર્ગત મિશન કોવિડ સુરક્ષા દ્વારા કંપનીઓને હજારો કરોડ રૂપિયા પૂરા પાડવામાં આવ્યા. ગયા વર્ષે 16 જાન્યુઆરીથી શરૂ કરીને એપ્રિલના અંત સુધીમાં ભારતનો રસીકરણ કાર્યક્રમ મુખ્યતઃ કેન્દ્ર સરકારની દેખરેખ હેઠળ જ ચાલ્યો. બધાંને મફતમાં રસી આપવાની દિશામાં દેશ આગળ વધી રહ્યો હતો. પણ કેટલીક રાજ્ય સરકારોએ રસીનું કામ રાજ્યો પર છોડવાની વાત કરી. લાંબી વિચારણા બાદ એ મુદ્દે સંમતિ સધાઈ કે રાજ્ય સરકારો પોતાની તરફથી પણ પ્રયત્ન કરવા માંગતી હોય તો કરી શકે છે. એવામાં, 1 મે, 2021થી 25 ટકા કામ રાજ્યોને સોંપવામાં આવ્યું. પણ બીજી લહેર બાદ રાજ્યોએ અગાઉની વ્યવસ્થાને જ સારી ગણાવી. એ પછી 7 જૂન, 2021નાં રોજ રાષ્ટ્રને સંબોધિત કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જૂની વ્યવસ્થાને પૂર્વવત કરી અને રસીકરણની કામગીરી સંપૂર્ણપણે કેન્દ્ર સરકારે સંભાળી લીધી. એ પછી 21 જૂન, 2021નાં રોજ આંતરરાષ્ટ્રીય યોગ દિવસ પ્રસંગે 'બધાંને રસી, મફત રસી'નું મહાઅભિયાન શરૂ થયું. રસીનું ઉત્પાદન વધારવા માટે બીજાં અનેક કેન્દ્રો શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો જેથી આવનારા દિવસોમાં રસીની ઝડપને વધારી

## આંદામાન-નિકોબાર, ચંદીગઢ, ગોવા, હિમાચલ, જમ્મુ-કાશ્મીર, લક્ષદ્વિપ, સિક્કિમ, ઉત્તરાખંડ અને દાદરા નગરહવેલીમાં 100 ટકા પાત્ર વયસ્કોને પ્રથમ ડોઝ આપી દેવામાં આવ્યો છે




શકાય.

### સતર્ક સરકારની ત્વરિત પહેલ

વાત કોવિડની પહેલી લહેરની હોય, બીજી લહેરની કે હવે ત્રીજી લહેરની. કેન્દ્ર સરકારની દીર્ઘ દ્રષ્ટિ અને સતર્કતાથી લેવામાં આવેલા કડક નિર્ણયોએ સૌથી મોટી મહામારી સામે દેશને ઘણા અંશે સલામતી પૂરી પાડી. નવા-નવા વેરિએન્ટથી પડનારા પ્રભાવોને જોતા ટેસ્ટિંગનો વ્યાપ વધારવામાં આવ્યો. નવેમ્બર મહિનામાં જ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઓમિક્રોન વેરિએન્ટ અંગે ઉચ્ચ સ્તરીય સમીક્ષા શરૂ કરી દીધી હતી. બદલાઈ રહેલાં ઘટનાક્રમને જોતાં વડાપ્રધાને અધિકારીઓને આંતરરાષ્ટ્રીય યાત્રા પર પ્રતિબંધો હળવા કરવાની યોજનાની સમીક્ષા કરવા જણાવ્યું અને રસીનો વ્યાપ વધારવા માટે 'હર ઘર દસ્તક'ને છેક પાયાનાં સ્તરે લઈ જવાનો નિર્દેશ પણ આપ્યો. કોવિડ મહામારીની શરૂઆત હોય કે રસીકરણની ગતિને વધારવાની હોય, ટોચનાં સ્તરે આ અભિયાનની દેખરેખ ખુદ વડાપ્રધાને પોતાની પાસે રાખી છે. તેમણે વીતેલા એક વર્ષમાં રસીકરણ માટે લગભગ દર પખવાડિયે ઔપચારિક બેઠકમાં તમામ પક્ષો સાથે સમીક્ષા કરી અને અનૌપચારિક રીતે સતત નજર રાખી રહ્યા છે. દવા માટે કંપનીઓના પ્રતિનિધિઓની સાથે રાખવાના હોય કે વેક્સિન ઉત્પાદકો સાથે સતત સંપર્કમાં રહેવાનું હોય, આરોગ્ય સેવામાં જોડાયેલા ડોક્ટરો-કર્મચારીઓ સાથે સતત સંવાદ કરવાનો હોય કે રસી લગાવવા માટે લોકો સાથે સંવાદ કરવાનો હોય, વડાપ્રધાને તમામ પાસાઓનું ધ્યાન રાખ્યું.

'બધાંને રસી, મફત રસી' અભિયાન અંતર્ગત ભારત એક દિવસમા આશરે અઢી કરોડ ડોઝ લગાવીને પોતાની તાકાત બતાવી ચૂક્યું છે. આજે ભારત પાસે ઘર ઘરમાં રસી પહોંચાડવા માટે જરૂરી સપ્લાય ચેઇન નેટવર્ક તૈયાર છે. કયા મહિનામાં કેટલી રસીના ડોઝ ઉપલબ્ધ હશે તેની વિગતવાર માહિતી રાજ્યોને પહેલાં આપી દેવામાં આવી છે, જેથી પહેલેથી લક્ષ્ય નક્કી કરી શકાય. દરેક જિલ્લામાં રસીકરણ વધારવા માટે નવીન પધ્ધતિઓ પર કામ કરવા માટે વડાપ્રધાને જિલ્લાના અધિકારીઓ સાથે સીધી બેઠકો પણ કરી. વડાપ્રધાને જિલ્લા અધિકારીઓ (DM)ને સલાહ આપી કે તેઓ પોતાનાં જિલ્લામાં એક-એક ગામ, એક-એક નગર માટે અલગ-અલગ રણનીતિ બનાવવી હોય તો પણ બનાવે. કેટલાંક લોકોની ટીમ બનાવીને

# વિશ્વમાં સૌથી ઝડપી રસીકરણ




## દેશભરમાં 28 લેબોરેટરીઝમાં જીનોમ સિક્વન્સિંગની શરૂઆત, જેથી વાયરસના નવા સ્વરૂપ પર સતત દેખરેખ રાખી શકાય

તંદુરસ્ત સ્પર્ધાને પણ પ્રોત્સાહન આપે. વડાપ્રધાને થોડાં દિવસ પહેલાં વેટિકનમાં પોપ ફ્રાન્સિસ સાથે થયેલી મુલાકાતનો ઉલ્લેખ કરતા રસી અંગે ધર્મગુરુઓનો સંદેશો જનતા સુધી પહોંચાડવા પર ભાર આપવા જણાવ્યું. વડાપ્રધાને તમામ અધિકારીઓને એ સુનિશ્ચિત કરવા પ્રોત્સાહિત કર્યા કે તેઓ રસીકરણ કવરેજનું વિસ્તરણ કરે અને નવા આત્મવિશ્વાસ અને નિશ્ચય સાથે આગળ વધે. તેમનું કહેવું હતું, "તમારે એવા લોકોનો પ્રાથમિકતાના આધારે સંપર્ક કરવાનો છે જેમણે નિર્ધારિત સમય થઈ ગયો હોવા છતાં બીજો ડોઝ ન લીધો હોય." એટલું જ નહીં, વડાપ્રધાને આરોગ્ય સંબંધિત પાયાના માળખાનું વિસ્તરણ, દવાઓનો બફર સ્ટોક તૈયાર કરવા અને જિલ્લા સ્તરે તેની વ્યાપક પહોંચને સુનિશ્ચિત કરવાની પહેલ સતત ચાલુ રાખી છે. વાયરસના નવા સ્વરૂપ આવી રહ્યા હોવાથી તેના મોનિટરીંગ માટે જીનોમ સિક્વન્સિંગ પર ભાર મૂકવામાં આવ્યો. આ માટે (INSACOG) (કોવિડ-19 જીનોમિક્સ કન્સોર્ટિયમ) અંતર્ગત હવે દેશભરમાં 28 લેબોરેટરીઝ છે. ક્લિનિકલ જોડાણ માટે લેબ નેટવર્કને હોસ્પિટલ નેટવર્ક સાથે પણ જોડવામાં આવ્યું છે. જીનોમિક સર્વેલન્સ માટે સીવેજ સેમ્પલિંગ પણ કરવામાં આવી રહ્યું છે. વડાપ્રધાનના સ્તરે તમામ રાજ્યોને નિર્દેશ આપવામાં આવ્યા છે કે ઓક્સિજન કોન્સન્ટ્રેટર, સિલિન્ડર અને પીએસએ પ્લાન્ટ સહિત ઓક્સિજનની ઉપલબ્ધતામાં વધારો કરવા માટે તેની સાથે સંકળાયેલા સમગ્ર તંત્રને ઝડપથી વધારવામાં

### મુખ્યમંત્રીઓની બેઠકમાં વડાપ્રધાન દ્વારા રસીકરણ વધારવા પર ભાર

# કોવિડ સામેની લડાઈમાં પરિશ્રમ જ એક માત્ર રસ્તો અને વિજય જ એક માત્ર વિકલ્પ

ઓમિક્રોન વેરિએન્ટ તમામ જૂના વેરએન્ટની સરખામણીમાં ઝડપથી ફેલાઈ રહ્યો છે. તે ધારણા કરતા વધુ સંક્રમક સાબિત થયો છે. આરોગ્ય નિષ્ણાતો સ્થિતિની સમીક્ષા કરી રહ્યા છે, તો સરકાર પણ તૈયારીઓમાં કોઈ કસર છોડવા માંગતી નથી. એટલા માટે જ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પોતે કોવિડની ત્રીજી લહેર વચ્ચે સ્થિતિની સતત સમીક્ષા કરી રહ્યા છે. 13 ડિસેમ્બરે રાજ્યો / કેન્દ્રશાસિત પ્રદેશોના મુખ્યમંત્રી /વહીવટકર્તાઓ સાથેની બેઠકમાં તેમણે હોસ્પિટલમાં બેડ, ઓક્સિજનની ઉપલબ્ધતા અને રસીકરણની ઝડપ પર ચર્ચા કરી. બેઠકમાં વડાપ્રધાન મોદીએ 100 ટકા રસીકરણનું લક્ષ્ય હાંસલ કરવા માટે 'હર ઘર દસ્તક' અભિયાનને હજુ ઝડપી કરવા પર ભાર મૂક્યો, તો રસીકરણ કે માસ્ક પહેરવા અંગેની કોઇ પણ અફવાઓ દૂર કરવાની જરૂરિયાત પર પણ ભાર મૂક્યો. વડાપ્રધાને કહ્યું, "100 વર્ષની સૌથી મોટી મહામારી સામે ભારતની લડાઈ હવે ત્રીજા વર્ષમાં પ્રવેશી ચૂકી છે. પરિશ્રમ જ આપણો એક માત્ર રસ્તો છે અને વિજય જ એક માત્ર વિકલ્પ છે. આપણે 130 કરોડ ભારતીયો પોતાના પ્રયાસોથી કોરોના સામે જીત મેળવી લઈશું."

## આરોગ્ય મંત્રાલયે બહાર પાડી માર્ગદર્શિકા

- ઓમિક્રોન વેરિએન્ટના સતત વધી રહેલા કેસો વચ્ચે આરોગ્ય મંત્રાલયે કોવિડ સંબંધિત ગાઈડલાઈન જારી કરી છે. મંત્રાલયના સંયુક્ત સચિવ લવ અગ્રવાલના જણાવ્યા અનુસાર હવે હળવા કેસમાં પોઝિટિવ આવ્યાના સાત દિવસ બાદ અને નોન-ઈમરજન્સી કેસમાં ત્રણ દિવસ બાદ દર્દીને ડિસ્ચાર્જ કરી શકાશે અને એ વખતે ટેસ્ટ કરવાની જરૂર નથી. સામાન્ય સંક્રમણમાં લક્ષણ ઘટી રહ્યા હોય અને ત્રણ દિવસ સુધી ઓક્સિજનનું સ્તર 93% હોય તો તેને ડિસ્ચાર્જ કરી શકાશે.
- જેમનામાં કોવિડના લક્ષણ જોવા મળ્યા હોય તેના સંપર્કમાં આવનારે ટેસ્ટ કરવો જરૂરી છે. રિસ્ક કેટેગરીમાં ન હોય તેવા લક્ષણો વિનાના કેસમાં ટેસ્ટની જરૂર નથી. આવા લોકોના સંપર્કમાં આવનાર તમામ લોકોએ સાત દિવસનું હોમ ક્વોરન્ટાઇન જરૂરી છે.


## આટલું ધ્યાન રાખો

- ટેસ્ટનાં અભાવમાં સર્જરી કે ડિલિવરી ન રોકવામાં આવે. ટેસ્ટની સુવિધા ન હોય તો દર્દીને રીફર ન કરવો જોઇએ.
- આંતરરાષ્ટ્રીય ફ્લાઈટમાં આવનારાં તમામ પ્રવાસીઓનો કોવિડ ટેસ્ટ ફરજિયાત થવો જોઇએ.

## બેદરકારી ન રાખો

નીતિ આયોગના સભ્ય (આરોગ્ય) ડો. વી કે પૌલે ચેતવણી આપી છે કે કેટલાંક લોકો ઓમિક્રોનને સામાન્ય શરદી કે તાવ સમજીને બેદરકારીથી વર્તે છે. આ જોખમી સાબિત થઈ શકે છે. તેમણે કહ્યું કે, તેની ઝડપ ધીમી રાખવી આપણા સૌની જવાબદારી છે, જેનાં માટે માસ્ક પહેરવું અને રસી મૂકાવવી જ એક માત્ર ઉપાય છે.

આવે. પ્રત્યેક બ્લોકમાં ઓછામાં ઓછી એક એમ્બ્યુલન્સની વ્યવસ્થા કરવા માટે એમ્બ્યુલન્સ નેટવર્કને પણ વિસ્તારવામાં આવી રહ્યું છે. દેશભરમાં સ્થાપવામાં આવી રહેલા પીએસએ ઓક્સિજન પ્લાન્ટની સ્થિતિની પણ સમીક્ષા ચાલુ છે. ભારતે પોતાના આરોગ્યકર્મીઓ, વૈજ્ઞાનિકો, ડોક્ટર, પેરામેડિકલ સ્ટાફ, આશા વર્કર, આંગણવાડી કાર્યકર, શિક્ષક અને બીજાં લોકોનાં જુસ્સા દ્વારા રસીકરણ અંગે ઇતિહાસ રચ્યો છે. આ સફળતા પાછળનું મુખ્ય કારણ છે આરોગ્ય માળખા અંગે છેલ્લાં કેટલાંક વર્ષોમાં થયેલા પ્રયાસ અને કોવિડ મહામારી વિરુધ્ધ ટોચના નેતૃત્વની દીર્ઘદ્રષ્ટિ. આઝાદ ભારતમાં પ્રથમ વાર આરોગ્ય ક્ષેત્રને પ્રાથમિકતા મળી એટલું જ નહીં પણ વર્તમાન કેન્દ્ર સરકારે તેનાં એજન્ડામાં તેને સૌથી ઉપર રાખ્યું. ચાલુ નાણાકીય વર્ષના બજેટમાં આરોગ્ય ક્ષેત્રમાં 137 ટકાનો વધારો કરવામાં આવ્યો. ભારત રસીકરણમાં નવા નવા વિક્રમ સર્જી રહ્યું છે તો તેની પાછળ આરોગ્ય માળખાની મજબૂતી માટે સતત કરવામાં આવી રહેલા પ્રયાસ જવાબદાર છે. હવે ભારત ભવિષ્યમાં આવી કોઈ પણ મહામારીનો સામનો કરવા આરોગ્ય માળખાનું નવું તંત્ર વિક્સાવવાની તૈયારીમાં લાગી ગયું છે. ચોક્કસપણે, કોવિડ સામેની નિર્ણાયક લડાઈ ચાલુ છે અને ભારત મોટાં લક્ષ્ય નિર્ધારીત કરીને સાથે મળીને જીતવાની ક્ષમતા પણ ધરાવે છે. પણ જ્યાં સુધી આ યુદ્ધ પૂરું નથી થતું ત્યાં સુધી શસ્ત્રો નીચે ના મૂકી શકાય. તેથી સતત સાવધાન રહેવાની જરૂર છે, જેથી ભારતમાંથી કોવિડ મહામારીનો ખાત્મો બોલાવી શકાય. ●



# ગૌરવશાળી પ્રજાસત્તાક

**अत्र जन्म सहस्त्राणां सहस्त्रैरपि सत्तम।**
**कदाचिल्लभते जन्तुर्मानुष्यं पुण्यसञ्चयात्॥**

એટલે કે.. હજારો જન્મોના હજારો પૂણ્યકર્મો ભેગાં થાય પછી જ અહીં ભારતની ભૂમિ પર મનુષ્ય જન્મ પ્રાપ્ત થાય છે. આવો, પ્રજાસત્તાક દિવસે ભારતની ઊંડાઇ અને મહાનતાનો અનુભવ કરીએ..

**ગણ એટલે જનતા અને તંત્ર એટલે શાસન. ગણતંત્ર અથવા લોકતંત્રનો શાબ્દિક અર્થ થયો જનતાનું શાસન. ગણતંત્ર માત્ર એક શબ્દ નથી પણ સાર્વભૌમ રાષ્ટ્રનો પર્યાય છે. તેની પાછળ એ સ્વતંત્રતા સેનાનીઓના મહાન પ્રયાસ, ત્યાગ અને બલિદાન છૂપાયાં છે, જેમણે પોતાના લોહીથી ગણતંત્રને સીંચ્યું છે. પ્રજાસત્તાક દિવસનું આ પાવન પર્વ આવા ક્રાંતિકારી બલિદાનોને એક જાગૃત રાષ્ટ્ર દ્વારા આભાર પ્રગટ કરવાનો દિવસ છે...**

*રાજપથ પર 73મા પ્રજાસત્તાક દિવસ સમારોહનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું. સેન્ટ્રલ વિસ્ટા પ્રોજેક્ટનાં કાર્યમાં પ્રગતિ દરમિયાન મનાવવામાં આવેલો પ્રજાસત્તાક દિવસ અનેક રીતે અલગ રહ્યો. પ્રથમ વાર પ્રજાસત્તાક દિવસ સમારોહની શરૂઆત 24 જાન્યુઆરીને બદલે 23 જાન્યુઆરીથી થઈ, કારણ કે એ દિવસે પરાક્રમ દિવસ એટલે કે નેતાજી સુભાષચંદ્ર બોઝની જન્મજયંતી છે. પ્રજાસત્તાક દિવસ સમારોહ સાથે સંકળાયેલો આ નિર્ણય દેશનો ઇતિહાસ અને સંસ્કૃતિના મહત્વપૂર્ણ ઘટનાક્રમોને યાદ રાખવાનો અને મહાપુરુષોને સાચી શ્રધ્ધાંજલિ આપવાના કેન્દ્ર સરકારના પ્રયાસોનો એક ભાગ છે.*




*પ્રજાસત્તાક દિવસનો સંપૂર્ણ કાર્યક્રમ જોવા માટે QR કોડ સ્કેન કરો.*






ઉત્તરપ્રદેશની ઝાંખીમાં કાશીના રંગ



બલિદાનને નમન



રાજપથ પર પીટી-76 ટેન્ક, જેનો ઉપયોગ 1965 અને 1971ના યુદ્ધમાં કરવામાં આવ્યો હતો



વિશ્વએ નિહાળી ભારતની તાકાત



'બનારસની બેટી' શિવાંગી સિંહ પ્રજાસત્તાક દિવસની પરેડમાં રાફેલ સાથે જોવા મળી. રાફેલ ઉડાવનાર તે ભારતની પ્રથમ મહિલા પાયલટ છે



## ઇન્ડિયા ગેટ પર નેતાજીની પ્રતિમા

*ભારત માતાના વીર સપૂત નેતાજી સુભાષચંદ્ર બોઝની 125મી જન્મજયંતી પર તેમને શ્રધ્ધાંજલિ આપતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઇન્ડિયા ગેટ પર નેતાજીની પ્રતિમા સ્થાપવાની જાહેરાત કરી. 23 જાન્યુઆરીનાં રોજ નેતાજીની હોલોગ્રામ પ્રતિમાનું અનાવરણ કરતા વડાપ્રધાને કહ્યું, "જેમણે ભારતની ધરતી પર પ્રથમ આઝાદ સરકારની સ્થાપના કરી હતી, તેવા આપણા નેતાજીની ભવ્ય પ્રતિમા આજે ડિજિટલ સ્વરૂપમાં ઇન્ડિયા ગેટ સામે સ્થપાઈ રહી છે. ટૂંક સમયમાં આ હોલોગ્રામ પ્રતિમાની જગ્યાએ ગ્રેનાઇટની વિશાળ પ્રતિમા મૂકવામાં આવશે. આ પ્રતિમા આઝાદીના એ મહાનાયકને કૃતજ્ઞ રાષ્ટ્રની શ્રધ્ધાંજલિ છે. નેતાજી સુભાષની આ પ્રતિમા આપણી લોકશાહી સંસ્થાઓ, આપણી પેઢીઓને રાષ્ટ્રીય ફરજનો અહેસાસ કરાવશે અને આવનારી પેઢીઓને, વર્તમાન પેઢીને સતત પ્રેરણા આપતી રહેશે."*







અમૃત ફોર્મેશન



## સંસ્કૃતિના રંગ







દરેક પ્રજાસત્તાક દિવસે ભારતની વિવિધ સંસ્કૃતોઓ પ્રદર્શિત કરતી ખાસ પાઘડી કે ટોપી પહેરનાર વડાપ્રધાન નરેન્દ્ર મોદી આ વખતે બ્રહ્મકમલથી સુસજ્જિત ઉત્તરાખંડની પરંપરાગત ટોપીમાં નજરે પડ્યા, જ્યારે ગળામાં મણિપુરી ગમછો નાખ્યો હતો.



પ્રજાસત્તાક દિવસની પરેડ દરમિયાન હવાઇ દળના ફ્લાયપાસ્ટના જીવંત પ્રસારણની સાથે કોકપિટ કવરેજ પણ દર્શાવવામાં આવ્યું હતું







રાષ્ટ્રપતિના સલામતી દળમાં સામેલ ઘોડો 'વિરાટ' 13 વર્ષ બાદ નિવૃત્ત થયો ત્યારે વડાપ્રધાને તેને પંપાળ્યો હતો




## વંદે ભારત ટ્રેન

# આધુનિકતાના રંગમાં રંગાઈ રહેલી ભારતીય રેલ

**હાઈ સ્પીડ કનેક્ટિવિટીથી સમયની બચત થાય છે અને દેશમાં વિકાસની ગતિ પણ ઝડપી બને છે. એટલાં માટે જ દેશમાં નવા જળમાર્ગની સાથે સાથે વિમાન માર્ગથી શહેરોને જોડવાનું કામ બહુ ઝડપથી ચાલી રહ્યું છે, તો ભારતીય રેલવે પણ ઝડપથી આધુનિક અવતાર ધારણ કરી રહી છે. તેનાથી અવરજવરમાં સગવડતા થઈ છે અને રોજગારીની તકો પણ વધી રહી છે. પ્રથમ વંદે ભારત ટ્રેન 15 ફેબ્રુઆરી, 2019નાં રોજ ચલાવવામાં આવી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રેલવેની ગતિને ઝડપ આપવા માટે 15 ઓગસ્ટ, 2021નાં રોજ લાલ કિલ્લા પરથી 75 વંદે ભારત એક્સપ્રેસ ટ્રેન ચલાવવાની જાહેરાત કરી હતી...**

ભારતીય રેલવેએ અનેક સકારાત્મક પરિવર્તન લાવવાના હેતુથી 2014 પછી અનેક મહત્વનાં નિર્ણયો લીધા હતા, જેમાં રેલવેની ગતિ, તેની ક્ષમતા અને નેટવર્ક સાથે સંકળાયેલા તમામ નકારાત્મક પાસાઓને દૂર કરવાના નિર્ણયોનો સમાવેશ થાય છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આઝાદીના અમૃત મહોત્સવના 75 સપ્તાહ એટલે કે 15 ઓગસ્ટ, 2023 સુધી 75 વંદે ભારત ટ્રેન ચલાવવાની જાહેરાત કરી. આ ટ્રેનો ભારતીય રેલવે દ્વારા હાલમાં ચલાવવામાં આવતી બે વંદે ભારત એક્સપ્રેસ ટ્રેન ઉપરાંતની હશે. પ્રથમ ટ્રેન વારાણસી-દિલ્હી અને બીજી કટરા-દિલ્હી રૂટ પર શરૂ કરવામાં આવી હતી. રેલવે હવે હાવડા-રાંચી વંદે ભારત એક્સપ્રેસ ચલાવવાની યોજના ધરાવે છે. રેલવે બોર્ડે તેને મંજૂરી પણ આપી દીધી છે. આ ટ્રેન હાવડા (કોલકાતા)ને ઝારખંડની રાજધાની રાંચી સાથે જોડશે. ●

### વંદે ભારત ટ્રેનની વિશેષતા

- દેશની આ પ્રથમ સ્વદેશ નિર્મિત સેમી હાઈ સ્પીડ ટ્રેન છે. પ્રથમ વંદે ભારત એક્સપ્રેસ ટ્રેન 15 ફેબ્રુઆરી, 2019નાં રોજ ચલાવવામાં આવી હતી.
- ભારતની આ સૌથી આધુનિક ટ્રેન છે, જેને યુરોપિયન ડિઝાઈનમાં તૈયાર કરવામાં આવી છે. તેનું એક મોડલ રેલ મંત્રાલયના પરિસરમાં પણ લગાવવામાં આવ્યું છે.
- વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનની મુખ્ય વિશેષતા તેની આધુનિક બ્રેકિંગ પ્રણાલિ છે. આ ટ્રેનમાં મનોરંજન માટે વાઈ-ફાઈની સાથે અત્યાધુનિક સુવિધાઓ ઉપલબ્ધ છે.
- નવી ટ્રેનો માટેનાં કોચનું નિર્માણ ઈન્ટીગ્રલ કોચ ફેક્ટરી, ચેન્નાઈ, મોડર્ન કોચ ફેક્ટરી, રાયબરેલી અને રેલ કોચ ફેક્ટરી, કપૂરથલામાં કરવામાં આવશે.
- વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનમાં ઓટોમેટિક એન્ટ્રી, મિની પેન્ટ્રી, મોડ્યુલર બાયો-વેક્યુમ શૌચાલય, ધૂળ મુક્ત વાતાવરણ માટે સંપૂર્ણપણે સીલ ગેંગવે અને સેન્સર્ડ ઈન્ટરકનેક્ટિંગ દરવાજા છે.
- નવી ટ્રેનોમાં ફાયર સર્વાઈવલ કેબલ ઈન-ડોર સર્કિટની પણ સુવિધા હશે. એક અપડેટેડ એર કન્ડિશનિંગ સિસ્ટમ પણ પૂરી પાડવામાં આવશે.
- દરેક કોચમાં ચાર ડિઝાસ્ટર લાઈટ હશે. ઈમરજન્સી પુશબટનની સંખ્યા પણ વધશે.



# યુવા

## ભારતનું મન
## ભારતની તાકાત
## ભારતનાં સપના

**વિશ્વનો ઈતિહાસ સાક્ષી છે.. કોઈ પણ આંદોલન, વિશ્વની કોઈ પણ વિચારધારા યુવાશક્તિ વગર સશક્ત ન બની શકે. વાસ્તવમાં, યુવા શક્તિનાં જોરે જ કોઈ પણ રચનાત્મક કામનો પાયો નખાતો હોય છે અને તો જ રાષ્ટ્ર સશક્ત અને આત્મનિર્ભર બની શકે છે. વિશ્વમાં ભારત સૌથી વધુ યુવા વસતિ ધરાવતો દેશ છે. આ યુવાનોની આંખોમાં સોનેરી ભવિષ્યનાં સપના પણ છે, રાષ્ટ્ર નિર્માણની તીવ્ર ઈચ્છા પણ છે. સ્વામી વિવેકાનંદ જયંતી પ્રસંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશની યુવા શક્તિને આહવાન કરતાં કહ્યું હતું, "સરકારનો પ્રયત્ન આ યુવા શક્તિને યોગ્ય વાતાવરણ પૂરૂં પાડવાનો, સંસાધનો પૂરા પાડવાનો છે, તેઓ સક્ષમ બને તે માટેની વ્યવસ્થા બનાવવાનો છે."**

હિમાલયના પર્વતીય ક્ષેત્રોમાં દર વર્ષે લાખો પ્રવાસીઓ આવે છે, પણ તેઓ જ્યારે પાછા જાય છે ત્યારે બહુ બધો કચરો અહીં છોડી જાય છે. પ્રદીપ સાંગવાન અને તેમની 'હીલિંગ હિમાલય' ટીમ પ્રવાસીઓ દ્વારા છોડી દેવામાં આવેલા કચરાને સાફ કરીને સ્વચ્છ ભારત

**11** કરોડની વસતિ છે 18થી 24 વર્ષના યુવાનોની

**29** વર્ષ ભારતીયોની સરેરાશ ઉંમર

**65%** થી વધુ વસતિ 35 વર્ષની નીચેની વયની




અભિયાનમાં મહત્વપૂર્ણ યોગદાન આપે છે, એટલું જ નહીં પણ હિમાલયના પ્રાકૃતિક સૌંદર્યને પુનર્જીવિત પણ કરી રહી છે. મધ્યપ્રદેશની હર્ષાલી પુરોહિતની કહાની પ્રદીપ સાંગવાનથી થોડી અલગ છે. કોવિડ સામેની લડાઈમાં રસી સૌથી જરૂરી શસ્ત્ર છે, તો ઘણાં લોકોના મનમાં રસીકરણ અંગે ગેરસમજ પ્રવર્તે છે. હર્ષાલી પોતાની ટીમ સાથે મળીને આવા લોકોને સાચી માહિતી પૂરી પાડે છે. રસીકરણ માટે પ્રેરિત કરીને આવા લોકોનાં મનનો વહેમ દૂર કરીને તેઓ રાષ્ટ્રને સશક્ત બનાવવામાં મહત્વનું પ્રદાન કરી રહ્યા છે. આ બે ઉદાહરણ દેશની યુવા શક્તિની ક્ષમતાનું પ્રતીક છે. હજારો વર્ષો પહેલાં વેદોમાં પણ કહેવામાં આવ્યું છે-

**अपि यथा, युवानो मत्सथा, नो विश्वं जगत्, अभिपित्वे मनीषा ॥**

આનો અર્થ એમ થાય કે યુવાનો જ વિશ્વમાં સુખથી માંડીને સલામતી સુધીનો ફેલાવો કરે છે. આ યુવાનો જ આપણા ભારત માટે, આપણા રાષ્ટ્ર માટે સુખ અને સલામતીનો માર્ગ કંડારશે. નવા ભારતના સપનાને સાકાર કરવામાં ભારતના યુવાનો સૌથી મોખરે છે. પુડુચેરીમાં આયોજિત 25મા રાષ્ટ્રીય યુવા મહોત્સવને સંબોધિત કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશની યુવા શક્તિની તાકાત, તેમનાં સાહસ અને તેમનાં ભવિષ્ય અંગે જણાવ્યું, "વિશ્વએ એ વાતને માની છે કે આજે ભારત પાસે બે અમર્યાદિત શક્તિઓ છે, એક ડેમોગ્રાફી (વસતિ) અને બીજી ડેમોક્રસી (લોકશાહી). જે દેશ પાસે જેટલાં વધુ યુવાનો એ દેશ એટલો વધુ મજબૂત અને તેની સંભાવનાઓને એટલી વધુ વ્યાપક માનવામાં આવે છે. ભારતના યુવાનો ખૂબ શ્રમ કરે છે અને પોતાનાં ભવિષ્ય અંગે પણ સ્પષ્ટ છે. એટલાં માટે, ભારત આજે જે કહે છે તેને દુનિયા આવતી કાલનો અવાજ માને છે. આજે ભારત જે સપના જૂએ છે, જે સંકલ્પ લે છે, તેમાં ભારતની સાથે સાથે વિશ્વનું ભવિષ્ય દેખાય છે અને ભારતનાં આ ભવિષ્યનું, દુનિયાનાં ભવિષ્યનું નિર્માણ આજે થઈ રહ્યું છે."

**(યુવાનોને વડાપ્રધાનનો ગુરુમંત્ર.. આગામી પેજ પર જૂઓ બોક્સ)**



**"આજે વિશ્વ ભારતને એક આશાની દ્રષ્ટિથી, વિશ્વાસની દ્રષ્ટિથી જૂએ છે. કારણ કે ભારતનો નાગરિક પણ યુવાન છે અને ભારતનું મન પણ યુવાન છે. ભારત તેની ક્ષમતામાં પણ યુવાન છે, ભારત સપનાથી પણ યુવાન છે. ભારત તેના ચિંતનથી પણ યુવાન છે. ભારત તેની ચેતનાથી પણ યુવાન છે, ભારત યુવાન છે કારણ કે ભારતની દ્રષ્ટિએ હંમેશા આધુનિકતાને સ્વીકારી છે. ભારતની ફિલસૂફીએ પરિવર્તનને સ્વીકાર્યું છે. ભારતની પ્રાચીનતામાં પણ નવીનતા છે.**

**-નરેન્દ્ર મોદી, વડાપ્રધાન**

# યુવાનોને વડાપ્રધાનનો ગુરુમંત્ર

## મહાપુરુષોને નમન...

ભારત માતાના પનોતા પુત્ર સ્વામી વિવેકાનંદજીને તેમની જયંતી પર હું નમન કરું છું. આઝાદીના અમૃત મહોત્સવમાં તેમની જન્મયજયંતી વધુ પ્રેરણાદાયક બની ગઈ છે. આપણે આ વર્ષમાં જ અરવિંદોની 150મી જન્મજંયતી પણ મનાવી રહ્યા છે. ગયા વર્ષે જ મહાકવિ સુબ્રમણયમ ભારતીની 100મી પૂણ્યતિથી હતી. આ બંને ઋષિઓનો પુડુચેરી સાથે ખાસ સંબંધ રહ્યો છે. બંને એક બીજાની સાહિત્યિક અને આધ્યાત્મિક યાત્રાના ભાગીદાર રહ્યા છે.



## યુવાશક્તિના પ્રદાનનો ઉલ્લેખ

ભારતમાં વ્યક્તિથી વિશ્વ સુધીની યોગની યાત્રા હોય, ક્રાંતિ હોય કે વિકાસ હોય, સેવાનો માર્ગ હોય કે સમર્પણનો માર્ગ હોય, વાત પરિવર્તનની હોય કે પરાક્રમની, માર્ગ સહયોગનો હોય કે સુધારાનો, વાત મૂળિયાં સાથે જોડાવાની હોય કે વૈશ્વિક વિસ્તરણની, એવું કોઈ ક્ષેત્ર નથી જેમાં આપણા દેશના યુવાનોએ ઉત્સાહભેર ભાગ ન લીધો હોય.

## યુવાશક્તિની ક્ષમતાની વાત

સમગ્ર વિશ્વ એ સ્વીકારે છે કે આજે ભારત પાસે બે અપાર શક્તિ છે-એક ડેમોગ્રાફી (વસતિ) અને બીજી ડેમોક્રસી (લોકશાહી). જે દેશમાં યુવાનોની જેટલી વધુ વસતિ હોય એ દેશને એટલો મોટો માનવામાં આવે છે, તેમની સંભાવનાઓને એટલી જ વ્યાપક માનવામાં આવે છે. પણ ભારતના યુવાનો પાસે ડેમોગ્રાફિક ડિવિડન્ડની સાથે સાથે લોકશાહી મૂલ્યો પણ છે, તેનું ડેમોક્રેટિક ડિવિડન્ડ પણ અતુલનીય છે. ભારત તેના યુવાનોને ડેમોગ્રાફિક ડિવિડન્ડની સાથે સાથે ડેવલપમેન્ટ ડ્રાઈવર પણ માને છે. આજે ભારતનો યુવાન દેશના વિકાસની સાથે સાથે આપણા

## યુવા આશાઓને ઉડવા માટે પાંખો મળી

*ભારત યુવાનોની સૌથી વધુ સંખ્યા ધરાવતો દેશ છે, જ્યાં નાગરિકોની સરેરાશ ઉંમર 29 વર્ષ છે. ચીનમાં સરેરાશ ઉંમર 37, અમેરિકામાં 45 અને યુરોપ-જાપાનમાં 48 વર્ષ છે.*

**60** **કરોડથી વધુ લોકો 13થી 35 વર્ષની વય જૂથમાં છે ભારતમાં, આ યુવાનોના સપના પૂરા કરવાની દિશામાં કેન્દ્ર સરકાર સતત નવી યોજનાઓ પર કામ કરી રહી છે.**

*ડિજિટલ ઈન્ડિયા, મેક ઈન ઈન્ડિયા, સ્ટાર્ટઅપ ઈન્ડિયા, મુદ્રા લોન, અટલ ઈનોવેશન મિશન આ દિશામાં મહત્વનાં પગલાં છે, તો નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિથી માંડીને કૌશલ્ય વિકાસ સુધી યુવા શક્તિની તાકાતને વધુ મજબૂત કરવાનું કામ કરવામાં આવી રહ્યું છે.*

લોકશાહી મૂલ્યોની પણ આગેવાની કરી રહ્યો છે.

## ટેકનોલોજીની જરૂરિયાત સાથે ભવિષ્યના પાયાનો ઉલ્લેખ

ભારતના યુવાનોમાં ટેકનોલોજીનું આકર્ષણ છે, તો લોકશાહીની ચેતના પણ છે. ભારતના યુવાનોની તાકાતને કારણે જ આજે ભારત ડિજિટલ પેમેન્ટમાં વિશ્વમાં આટલું આગળ નીકળી ગયું છે. સમગ્ર વિશ્વમાં યુનિકોર્નની બાબતમાં ભારતના યુવાનોનો દબદબો છે. આજે ભારત પાસે 50,000થી વધુ સ્ટાર્ટઅપની મજબૂત ઈકોસિસ્ટમ છે. તેમાં 10,000થી વધુ સ્ટાર્ટઅપ તો કોરોનાના પડકારોની વચ્ચે અને છેલ્લાં 6-7 મહિનામાં સ્થપાયા છે. ભારતના યુવાનોની આ જ તાકાત છે, જેનાં જોરે આપણો દેશ સ્ટાર્ટઅપના સુવર્ણ યુગમાં પ્રવેશ કરી રહ્યો છે.


## આત્મવિશ્વાસનો નવો મંત્ર

નવા ભારતનો મંત્ર છે- Compete અને Conquer એટલે કે સ્પર્ધા કરો અને લડાઈ જીતો. પેરાલિમ્પિક્સમાં ભારતે જેટલાં મેડલ જીત્યાં, એટલાં અત્યાર સુધી મળેલાં કુલ મેડલથી પણ વધુ હતા. ઓલિમ્પિકમાં પણ આપણો દેખાવ શ્રેષ્ઠ રહ્યો કારણ કે આપણા યુવાનોમાં જીતનો વિશ્વાસ પેદા થયો.

## સપનાની ઉડાનમાં બંધનોમાંથી મુક્તિ

સરકારનો પ્રયાસ છે કે યુવાનોની આ તાકાત માટે તેમને મોકળું મેદાન મળે, સરકારની દરમિયાનગીરી ઓછામાં ઓછી હોય. સરકારની જવાબદારી તેમને યોગ્ય વાતાવરણ પૂરું પાડવાની, સંસાધનો પૂરા પાડવાની, તેમની ક્ષમતા વધે તે માટે વ્યવસ્થા ઊભી કરવાની છે. ડિજિટલ ઈન્ડિયાના માધ્યમથી સરકારી પ્રક્રિયાઓને સરળ કરવાથી આ વ્યવસ્થા મજબૂત બને છે. મુદ્રા, સ્ટાર્ટઅપ ઈન્ડિયા, સ્ટેન્ડ અપ ઈન્ડિયા જેવા અભિયાનો દ્વારા યુવાનોને ઘણી મદદ મળી રહી છે. સ્કિલ ઈન્ડિયા, અટલ ઈનોવેશન મિશન અને નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ યુવાનોની તાકાતને વધારવાનો જ પ્રયાસ છે.

- રિસર્ચને પ્રોત્સાહન આપવા માટે નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ અંતર્ગત નેશનલ રિસર્ચ ફાઉન્ડેશનની સ્થાપના કરવામાં આવી. પ્રથમ વાર ગોખવાને બદલે શીખવાની પ્રક્રિયાને પ્રોત્સાહન આપવા પર ભાર મૂકવામાં આવ્યો. શિક્ષણમાં ભાષાના બંધનોમાંથી મુક્તિ આપવામાં આવી.
- 16 નવી આઈઆઈટી, સાત નવી એઈમ્સ, 209 નવી મેડિકલ કોલેજ શિક્ષણના ક્ષેત્રમાં નવી શરૂઆત થઈ હોવાની સાબિતી છે.
- 2014માં દેશમાં લગભગ 82,000 મેડિકલ અન્ડરગ્રેજ્યુએટ અને પોસ્ટ ગ્રેજ્યુએટ બેઠકો હતી. છેલ્લાં સાત વર્ષોમાં આ સંખ્યા વધીને આશરે 1,48,000 બેઠક સુધી પહોંચી ગઈ છે.
- સ્કિલ ઈન્ડિયા મિશન અંતર્ગત વર્ષ 2022 સુધી આશરે 40 કરોડ યુવાનોને તાલીમનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે.
- મુદ્રા યોજના અંતર્ગત નાણાંકીય વર્ષ 2021-22માં અત્યાર સુધી રૂ. 1,86,123 કરોડની લોન મંજૂર કરવામાં આવી છે.
- 60,000થી વધુ સ્ટાર્ટઅપ અને 75થી વધુ યુનિકોર્ન સાથે ભારત પાસે આજે વિશ્વની ત્રીજી મોટી સ્ટાર્ટઅપ ઈકો સિસ્ટમ છે.
- એક અહેવાલ પ્રમાણે ભારતમાં સ્ટાર્ટઅપ 2025 સુધીમાં 50 લાખ લોકોને રોજગારી પૂરી પાડશે.
- આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, બિગ ડેટા, રોબોટિક્સ સહિત નવી ટેકનોલોજીના ક્ષેત્રમાં યુવાનોનાં કૌશલ્ય વિકાસ પર ભાર મૂકવામાં આવી રહ્યો છે.
- એક દેશ-એક પરીક્ષા, એક દેશ-એક ભરતી જેવી પહેલ યુવાનોના સપનાને પૂરાં કરવામાં મદદરૂપ સાબિત થઈ રહી છે. ●



# નવું વર્ષ, નવી શરૂઆત

**દ્રઢ ઈચ્છાશક્તિ હોય તો કઈ રીતે સરકાર દેશની દિશા અને દશા બદલી શકે છે એનાં અનેક ઉદાહરણો વર્ષ 2021માં જોવા મળ્યા. દાયકાઓથી પેન્ડિંગ પ્રોજેક્ટ્સ પૂરા થયા તો પ્રથમ વાર એક એવા પ્રોજેક્ટનો પાયો નાખવામાં આવ્યો, જેની લોકો લાંબા સમયથી રાહ જોતા હતા. નવા વર્ષની શરૂઆત વિકાસની ભેટ સાથે થઈ. ઉત્તરપ્રદેશને પ્રથમ સ્પોર્ટ્સ યુનિવર્સિટી મળી, તો પૂર્વોત્તરને રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, પીવાનું પાણી, શહેરી વિકાસ, મકાન, કૌશલ્ય વિકાસ સહિત ત્રિપુરામાં મહારાજા બીર બિક્રમ એરપોર્ટ સાથે વિકાસ યાત્રામાં નવું પરિમાણ ઉમેરાયું...**

વિશ્વમાં એ દેશે સૌથી વધુ પ્રગતિ કરી, જેણે પોતાના ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં ગંભીરતાથી રોકાણ કર્યું હોય. પણ ભારતમાં દાયકાઓ સુધી ઈન્ફ્રાસ્ટ્રક્ચરના મોટા અને વ્યાપક પરિવર્તન લાવનારા પ્રોજેક્ટ પર ખાસ ધ્યાન ન આપવામાં આવ્યું. નબળું અથવા અપૂરતું ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસના માર્ગમાં મોટો અવરોધ છે. રોડ, પુલ, ઈન્ટરનેટ, પીવાના પાણી સાથે સંકળાયેલું મજબૂત ઈન્ફ્રાસ્ટ્રક્ચર આજની સૌથી મોટી જરૂરિયાતો છે, એટલું જ નહીં પણ તેનાથી દેશની આર્થિક ગતિને ઝડપ મળે છે અને સીધી તથા આડકતરી રીતે નવા રોજગારનું સર્જન પણ કરે છે. તેથી કેન્દ્ર સરકાર આ સેક્ટર પર સૌથી વધુ ભાર મૂકી રહી છે. આગામી 4-5 વર્ષમાં તેની પાછળ રૂ. 110 લાખ કરોડનો ખર્ચ કરવાનો લક્ષ્ય રાખવામાં આવ્યો છે. આમાંથી, 19 લાખ કરોડનાં પ્રોજેક્ટ માત્ર હાઈવે સાથે સંકળાયેલા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી કહે છે, "સર્વસમાવેશી, સર્વપોષક, સર્વસ્પર્શી અને સર્વવ્યાપી વિકાસ અમારી પ્રાથમિકતા છે. ઈન્ફ્રાસ્ટ્રક્ચર અમારા માટે રાજકારણનો નહીં પણ રાષ્ટ્રનીતિનો હિસ્સો છે. પ્રોજેક્ટ્સ અટકે નહીં, લટકે નહીં અને ભટકે નહીં તે અમે સુનિશ્ચિત કરી રહ્યા છીએ."

કુશીનગરમાં આંતરરાષ્ટ્રીય એરપોર્ટ, નોઈડામાં એશિયાનું સૌથી મોટું એરપોર્ટ, ભોપાલમાં આંતરરાષ્ટ્રીય સ્તરનું રેલવે સ્ટેશન, કાશી-વિશ્વનાથ કોરિડોર, પૂર્વાંચલ એક્સપ્રેસ વે, ગંગા એક્સપ્રેસ વે, દિલ્હી-મુંબઈ, દિલ્હી-દહેરાદૂન, દિલ્હી-અમૃતસર-કટરા જેવા એક્સપ્રેસવે સહિત દેશમાં દરરોજ

# ઉત્તર ભારતનું નવું સ્પોર્ટ્સ હબ બનશે મેરઠ

**મહાન ક્રાંતિકારી મંગલ પાંડેની ભૂમિ મેરઠ રમતગમતની દુનિયામાં પણ જાણીતું નામ છે. અહીં બનાવવામાં આવતા રમતગમતના સાધનો ખાસ કરીને ક્રિકેટ અને તેને સંબંધિત ઉપકરણોની નિકાસ સમગ્ર વિશ્વમાં કરવામાં આવે છે. આ મેરઠ હવે ઉત્તર ભારતમાં રમગમતનું મુખ્ય કેન્દ્ર બનવા જઈ રહ્યું છે. મેરઠના સરધનામાં રૂ. 700 કરોડનાં ખર્ચે બનનાર મેજર ધ્યાનચંદ સ્પોર્ટ્સ યુનિવર્સિટી દ્વારા નવા ભારતમાં સ્પોર્ટ્સ કલ્ચર વિક્સાવવાનું સપનું સાકાર થશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નવા વર્ષના બીજા દિવસે તેનો શિલાન્યાસ કર્યો.**

રમતગમતની દુનિયામાં આવતા આપણા યુવાનો પહેલાં પણ ક્ષમતાવાન હતા. તેમની મહેનતમાં પહેલા પણ કમી નહોતી. દેશના યુવાનોમાં જે પ્રતિભા હતી, તે અગાઉની સરકારોની રમતગમત પ્રત્યેની અવગણનાને કારણે રૂંધાઈ ગઈ હતી. હોકી તેનું સચોટ ઉદાહરણ છે. જે હોકીને ગુલામીના સમયગાળામાં પણ મેજર ધ્યાનચંદજી જેવી પ્રતિભાઓએ દેશને ગૌરવ અપાવ્યું તેમાં પણ મેડલ મેળવવા આપણે દાયકાઓ સુધી રાહ જોવી પડી. કારણ કે વિશ્વની હોકી કુદરતી મેદાનમાંથી એસ્ટ્રોટર્ફ તરફ આગળ વધતી ગઈ પણ આપણે ત્યાંનાં ત્યાં જ રહી ગયા. જ્યાં સુધી આપણે જાગ્યા ત્યાં સુધી ઘણો વિલંબ થઈ ગયો હતો. બદલાતી ટેકનોલોજી, બદલાતી માંગ, બદલાતી સ્કિલ્સ માટે દેશની અગાઉની સરકારો સારી ઈકોસિસ્ટમ તૈયાર ન કરી શકી. 2014 બાદ આ સિસ્ટમ બદલવા માટે કેન્દ્ર સરકારે દરેક સ્તર પર સુધારાઓ કર્યા. સંસાધન, આધુનિક સુવિધાઓ, આંતરરાષ્ટ્રીય એક્સ્પોઝર અને પસંદગીમાં પારદર્શિતા પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો. સ્પોર્ટ્સને યુવાનોની ફિટનેસ અને યુવાનોના રોજગાર, સ્વરોજગાર અને તેમની કારકિર્દી સાથે જોડવામાં આવ્યું. ઓલિમ્પિકની તૈયારી માટે 'ટારગેટ ઓલિમ્પિક પોડિયમ સ્કીમ' એટલે કે Tops ની શરૂઆત કરવામાં આવી. 'ખેલો ઈન્ડિયા'ના અભિયાનને કારણે આજે દેશના ખૂણે ખૂણે પ્રતિભાશાળી ખેલાડીઓને ઓળખવામાં આવી રહ્યા છે. આ પ્રયાસોને કારણે આજે ભારતનો ખેલાડી આંતરરાષ્ટ્રીય મેદાનમાં ઉતરે છે ત્યારે તેના દેખાવની પ્રશંસા સમગ્ર વિશ્વ કરે છે. ગયા વર્ષે આપણે ઓલિમ્પિક અને પેરાલિમ્પિકમાં તે જોયું. સ્પોર્ટ્સ યુનિવર્સિટી રમતગમતનું સંવર્ધન કરવા માટે નર્સરી તરીકેનું કામ કરે છે. એટલાં માટે જ આઝાદીના સાત દાયકા બાદ 2018માં પ્રથમ વાર કેન્દ્ર સરકારે મણિપુરમાં દેશની પ્રથમ નેશનલ સ્પોર્ટસ યુનિવર્સિટી શરૂ કરી.





37 કિલોમીટરની ઝડપે હાઈવે બની રહ્યા છે. નવી મેડિકલ કોલેજ બની રહી છે, ગામે ગામ ઈન્ટરનેટ પહોંચાડવાની ઝુંબેશ ચાલી રહી છે. ગતિશક્તિ માસ્ટર પ્લાન દ્વારા ઈન્ફ્રાસ્ટ્રક્ચરના ક્ષેત્રમાં સૌથી મોટી યોજના શરૂ થઈ છે. આ તમામ મહત્વાકાંક્ષી યોજનાઓ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિઝનનો ભાગ છે. વર્ષ 2021માં આપણે એવાં અનેક પ્રોજેક્ટ્સને અમલી થતાં જોયા જે દાયકાઓથી લટકેલા હતા. હવે નવા વર્ષમાં ફરીથી નવા પ્રોજેક્ટ શરૂ કરવામાં આવી રહ્યા છે. તેની શરૂઆત 2 જાન્યુઆરીનાં રોજ મેરઠથી થઈ, જ્યાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઉત્તરપ્રદેશની પ્રથમ સ્પોર્ટ્સ યુનિવર્સિટીનું શિલારોપણ કર્યું. 4 જાન્યુઆરીનાં રોજ મણિપુર અને ત્રિપુરાને વિકાસની અનેક ભેટ મળી, તો 7 જાન્યુઆરીનાં રોજ પૂર્વ ભારતમાં આરોગ્ય સુવિધાઓનું વિસ્તરણ અને આધુનિકીકરણની દિશામાં કોલકતામાં ચિત્તરંજન રાષ્ટ્રીય કેન્સર ઈન્સ્ટિટ્યૂટના બીજા કેમ્પસનું ઉદઘાટન કરવામાં આવ્યું. વડાપ્રધાન નરેન્દ્ર મોદી કહે છે, "અંધારું જેટલું ગાઢ હોય, પ્રકાશનું મહત્વ એટલું વધુ હોય છે. પડકારો જેટલાં મોટા હોય, મનોબળ એટલું મહત્વપૂર્ણ બની જાય છે. અને લડાઇ ગમે તેટલી મુશ્કેલ હોય, અસ્ત્ર-શસ્ત્ર એટલાં જ જરૂરી થઈ જાય છે."

# મેરઠમાં ઉત્તરપ્રદેશની પ્રથમ સ્પોર્ટ્સ યુનિવર્સિટી




- ઓલિમ્પિકની જેમ રમતગમતમાં સ્પર્ધાઓ યોજાશે. આંતરરાષ્ટ્રીય માપદંડો અનુસાર સ્પોર્ટ્સ ટ્રેક અને સ્ટેડિયમ તૈયાર થશે.
- એથ્લેટિક્સની સાથે ફુટબોલ, જેવલિન થ્રો, ડિસ્ક્સ જેવી રમતમાં સ્પર્ધા થશે. યુનિવર્સિટીમાં 540 મહિલા અને 540 પુરુષ ખેલાડીઓ એમ કુલ 1080 ખેલાડીઓને તાલીમ આપવાની ક્ષમતા હશે.
- સ્પોર્ટ્સ યુનિવર્સિટીમાં એક આઉટડોર સ્ટેડિયમ અને એક ઈન્ડોર સ્ટેડિયમ બનશે. આઉટડોર ગેમ્સમાં આશરે 30,000 લોકોને બેસવાની વ્યવસ્થા હશે. ઈનડોર ગેમ્સ માટે સ્ટેડિયમમાં લગભગ 5,000 દર્શકોની ક્ષમતા ઊભી કરવામાં આવશે.
- યુનિવર્સિટીમાં વિશ્વસ્તરીય ટેકનોલોજી અને અત્યાધુનિક સુવિધાઓ સ્થાપવામાં આવશે. ગંગનહરમાં રાફ્ટિંગ, રોવિંગ, નૌકાયન જેવી વોટર સ્પોર્ટ્સની તાલીમ આપવામાં આવશે.
- ઓલિમ્પિક રમતોત્સવ જેવી શૂટિંગ રેન્જ, જેવલિન થ્રો, વેઇટલિફ્ટીંગ, કુશ્તી, હોકી, વોલીબોલ, ટ્રેક ફિલ્ડ ઉપરાંત ખો-ખો, મલખમ (મલખંભ) જેવી પરંપરાગત રમત માટે પણ તાલીમ આપવામાં આવશે.
- ટર્ફ મેદાનોની સાથે ઓલિમ્પિક આકારનો સ્વિમિંગ પુલ અને સાઈકલિંગ ટ્રેક પણ બનાવવામાં આવશે. આ ઉપરાંત, વહીવટી બ્લોક, એકેડેમિક બ્લોક, સેન્ટ્રલ લાઈબ્રેરી, ઓડિટોરિયમ, ફેસિલિટી સેન્ટર (બેન્ક, પોસ્ટ ઓફિસ અને દુકાન), શોપિંગ કોમ્પ્લેક્સ, મેઇન્ટેનન્સ કાર્યાલય, હેલ્થ સેન્ટર, પોલિસ સ્ટેશન, ગેસ્ટહાઉસ, કુલપતિ આવાસ, બોય્ઝ અને ગર્લ્સ હોસ્ટેલ, અધિકારીઓ અને કર્મચારીઓ માટે અલગ અલગ ટાઈપ 2,3,4 અને 5નાં મકાનો બનાવવામાં આવશે.
- સ્પોર્ટ્સ યુનિવર્સિટીમાં મલ્ટીપરપઝ હોલ, જીમ્નેશિયમ, યોગ હોલ, ગાર્ડરૂમ, બાસ્કેટ બોલ, લોન ટેનિસ, વોલીબોલ, 100 મીટર ટ્રેક, હોકી ગ્રાઉન્ડ, ફુટબોલ, એથ્લેટિક્સ, હેન્ડબોલ કોર્ટ, 60 મીટર શૂટિંગ રેન્જ, 90 મીટર શૂટિંગ રેન્જ અને 125 મીટર શૂટિંગ રેન્જનો પણ સમાવેશ થાય છે.

> **“આપણે જ્યારે પણ નવી કાર્ય સંસ્કૃતિને પ્રોત્સાહન આપવાનો પ્રયાસ કરીએ ત્યારે તેનાં માટે ત્રણ બાબતો જરૂરી છે- સાનિધ્ય, દ્રષ્ટિ અને સંસાધન. રમતગમત સાથે આપણું સાનિધ્ય સદીઓ જૂનું રહ્યું છે. પણ રમતગમતની સંસ્કૃતિ પેદા કરવા માટે રમતગમત સાથે આપણા પ્રાચીન સંબંધોથી કામ નહીં ચાલે. આપણે તેનાં માટે નવી દ્રષ્ટિ પણ વિક્સાવવી પડશે. દેશમાં રમતગમત માટે જરૂરી છે કે આપણા યુવાનોમાં રમતગમત માટે વિશ્વાસ પેદા થાય, સ્પોર્ટ્સને પોતાનો વ્યવસાય બનાવવા માટે મનોબળ વધે. આ જ મારો સંકલ્પ છે અને આ જ મારું સપનું પણ છે.**
>
> - નરેન્દ્ર મોદી, **વડાપ્રધાન**



# નવા ભારતનું સપનું પૂરું કરવાનું પ્રવેશદ્વાર બની રહેલું પૂર્વોત્તર

## મણિપુર અને ત્રિપુરામાં વિકાસના પ્રોજેક્ટ્સની શરૂઆત

**અસંતુલિત વિકાસમાં કેટલાંક રાજ્યો પાછળ રહી જાય છે અને કેટલાંક લોકો પાયાની સુવિધાઓથી વંચિત રહી જાય છે. વર્ષો સુધી પૂર્વોત્તરનાં રાજ્યો વિકાસથી વંચિત રહ્યા હતા. આઝાદી પછીના 6 દાયકા કરતાં પણ વધુ સમય સુધી વિકાસથી વંચિત રહી ગયેલો આ વિસ્તાર હવે નવા ભારતના સપનાને પૂરા કરવાનો પ્રવેશ દ્વાર બની રહ્યો છે, જેનો શ્રેય વડાપ્રધાન નરેન્દ્ર મોદીની 'એક્ટ ઈસ્ટ' નીતિને જાય છે. હાઈ સ્પીડ કનેક્ટિવિટી, પીવાનું પાણી અને ઈન્ટરનેટ જેવી પાયાની સુવિધાઓએ પૂર્વોત્તર ભારતમાં સંભાવનાઓનાં નવા દ્વાર ખોલ્યા છે. નવા વર્ષનાં પ્રથમ જ સપ્તાહમાં 4 જાન્યુઆરીનાં રોજ મણિપુર અને ત્રિપુરામાં નવા ડેવલપમેન્ટ પ્રોજેક્ટ્સની શરૂઆત કરીને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સશક્ત પૂર્વોત્તરની દિશામાં કૂચ કરી છે...**

આઝાદી બાદ સૌથી વધુ ઉપેક્ષિત અને પછાત વિસ્તારોમાં ગણાતા પૂર્વોત્તરના રાજ્યોમાં એક સમયે રોડ, પુલ સહિતની માળખાકીય સુવિધાઓનો ભારે અભાવ હતો. કુદરતી સૌંદર્ય અને જળ સંસાધનોથી ભરપૂર હોવા છતાં પર્યટનને પ્રોત્સાહન આપવા પર કે જળવિદ્યુત પ્રોજેક્ટની સ્થાપના પર ખાસ ધ્યાન ન આપવામાં આવ્યું. પણ વડાપ્રધાન મોદીએ 'ટ્રાન્સફોર્મેશન બાય ટ્રાન્સપોર્ટેશન'નો મંત્ર આપીને કનેક્ટિવિટીની દિશામાં નવી શરૂઆત કરી છે, તો ઉગ્રવાદગ્રસ્ત વિસ્તારોમાં શાંતિની નવી પહેલ અંતર્ગત બોડો અને બ્રુ-રિયાંગ જેવી સમજૂતિઓનો વાસ્તવિક અમલ કરવામાં આવ્યો. પૂર્વોત્તરના વિકાસને લઈને વડાપ્રધાન નરેન્દ્ર મોદી કેટલા સંવેદનશીલ છે તેનો અંદાજ એ વાત પરથી પણ આવે છે કે તેઓ પોતાના સાત વર્ષના કાર્યકાળ દરમિયાન પૂર્વોત્તર રાજ્યોની સૌથી વધુ મુલાકાત લેનારા વડાપ્રધાન છે.

## મણિપુરને રૂ. 4800 કરોડની ભેટ

- મણિપુરના પ્રવાસ દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આશરે રૂ 1850 કરોડનાં 13 પ્રોજેક્ટ્સનું ઉદઘાટન કર્યું અને આશરે રૂ. 2950 કરોડના નવ પ્રોજેક્ટનો શિલાન્યાસ કર્યો. રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, પીવાનું પાણી, આરોગ્ય, શહેરી વિકાસ, રહેણાંક, ઈન્ફોર્મેશન ટેકનોલોજી, કૌશલ્ય વિકાસ, કળા અને સંસ્કૃતિ જેવા વિવિધ ક્ષેત્રો સાથે સંબંધિત આ પ્રોજેક્ટ મણિપુરના વિકાસને નવી ગતિ આપશે.
- વડાપ્રધાન મોદીએ રૂ. 1700 કરોડથી વધુનાં ખર્ચે બનનારાં પાંચ નેશનલ હાઈવે પ્રોજેક્ટ્સનું શિલારોપણ કર્યું.
- રૂ. 75 કરોડથી વધુનાં ખર્ચે એનએચ-37 પર બરાક નદી પર બનેલા સ્ટીલનાં બ્રીજનું ઉદઘાટન થયું, જે સિલ્ચર અને ઈમ્ફાલ વચ્ચે અવરજવરને સરળ બનાવશે.
- લગભગ રૂ. 1100 કરોડનાં ખર્ચે બનાવવામાં આવેલા 2,387 મોબાઈલ ટાવરો મણિપુરના લોકોને સમર્પિત કરવામાં આવ્યા.
- ઈમ્ફાલ શહેરમાં પાણીના પુરવઠાને સરળ બનાવવા માટે રૂ. 280 કરોડનો થૌબલ બહુહેતુક પ્રોજેક્ટ હવે શરૂ થઈ ગયો છે. તેની સાથે સાથે, રૂ. 51 કરોડનાં ખર્ચે 'સેનાપતિ જિલ્લા મુખ્યાલય જળ પુરવઠા યોજના વિસ્તાર યોજના'ની પણ શરૂઆત કરવામાં આવી.

# HIRA મોડલના આધારે ત્રિપુરામાં વિકાસ



વર્તમાન સરકાર ત્રિપુરામાં કનેક્ટિવિટી વધારવા માટે 'હીરા' (HIRA)- H-હાઈવે, I- ઇન્ટરનેટ, R-રેલવે અને A- એરવેઝના મંત્ર સાથે આવી છે. વડાપ્રધાન મોદીએ કહ્યું, "મેં ત્રિપુરાના લોકોને HIRAનું આશ્વાસન આપ્યું હતું. આજે હીરા મોડલના આધારે ત્રિપુરામાં કનેક્ટિવિટીમાં સુધારો થઈ રહ્યો છે. રાજ્યની કનેક્ટિવિટી વધી રહી છે." વડાપ્રધાને મહારાજા બીર બિક્રમ એરપોર્ટના ઇન્ટીગ્રેટેડ ટર્મિનલ ભવનનું ઉદઘાટન કર્યું અને મુખ્યમંત્રી ત્રિપુરા ગ્રામ સમૃધ્ધિ યોજના અને વિદ્યાજ્યોતિ શાળાના પ્રોજેક્ટ મિશન 100 જેવી મહત્વની યોજનાઓની શરૂઆત કરી.

# વિદ્યાજ્યોતિ શાળાઓનો પ્રોજેક્ટ મિશન 100



તેનો હેતુ રાજ્યમાં 100 વર્તમાન ઉચ્ચ માધ્યમિક શાળાઓમાં અત્યાધુનિક સુવિધાઓ અને ગુણવત્તાપૂર્ણ અભ્યાસની સાથે વિદ્યાજ્યોતિ શાળાઓમાં પરિવર્તિત કરીને શિક્ષણની ગુણવત્તામાં સુધારો કરવાનો છે. આ પ્રોજેક્ટમાં નર્સરીથી ધોરણ 12 સુધીના લગભગ 1.2 લાખ વિદ્યાર્થીનો સમાવેશ થાય છે અને તેની પાછળ ત્રણ વર્ષમાં લગભગ રૂ. 500 કરોડનો ખર્ચ કરવામાં આવશે.

### ત્રિપુરા ગ્રામ સમૃધ્ધિ યોજના

આ યોજના દરેક ઘરમાં નળનું જોડાણ, આયુષ્યમાન કવરેજ, વીમા કવર, કેસીસી (કિસાન ક્રેડિટ કાર્ડ), રસ્તા અને નળનાં પાણી જેવી સુવિધાઓ પૂરી પાડશે, જેનાથી ગ્રામીણ લોકોને રાહત મળશે.



# મહારાજા બીર બિક્રમ એરપોર્ટ

- અગરતલામાં નવું ઇન્ટીગ્રેટેડ ટર્મિનલ ભવન લગભગ રૂ. 450 કરોડનાં ખર્ચે બનાવવામાં આવ્યું છે. આધુનિક સુવિધાઓ ધરાવતું આ ટર્મિનલ 30,000 ચોરસ મીટર વિસ્તારમાં ફેલાયેલું છે.
- ટર્મિનલની અંદરનાં ભાગોમાં ઉનાકોટી પહાડોનાં સ્થાનિક આદિવાસી પથ્થરની મૂર્તિઓ અને સ્થાનિક વાંસના હસ્તશિલ્પોનો મોટા પાયે ઉપયોગ કરવામાં આવ્યો છે.
- બાંગલાદેશ સાથે સરહદ હોવાથી અને દક્ષિણ-પૂર્વ એશિયાના દેશો સુધી પહોંચને કારણે આ નવા ટર્મિનલના પ્રારંભને આંતરરાષ્ટ્રીય એરપોર્ટ તરીકે સંચાલિત કરવાની દિશામાં પ્રથમ પગલું માનવામાં આવે છે.
- આ અગાઉ તે અગરતલા એરપોર્ટ તરીકે ઓળખાતું હતું અને વર્ષ 2018માં તેનું નામ બદલવામાં આવ્યું હતું.

- ઇમ્ફાલમાં લગભગ રૂ. 160 કરોડનાં ખર્ચે પીપીપી આધારે બનનારા અત્યાધુનિક કેન્સર હોસ્પિટલનો શિલાન્યાસ. કિયામગેઇમાં 200 બેડવાળી કોવિડ હોસ્પિટલનું ઉદઘાટન. ડીઆરડીઓના સહયોગથી લગભગ રૂ. 37 કરોડનાં ખર્ચે આ હોસ્પિટલ બનાવવામાં આવી છે.
- ઇમ્ફાલ સ્માર્ટ સિટી મિશન અંતર્ગત રૂ. 170 કરોડથી વધુનાં ખર્ચે વિકસિત ત્રણ પ્રોજેક્ટનું પણ ઉદઘાટન થયું. લગભગ રૂ. 200 કરોડનાં ખર્ચે રાજ્યમાં બનનારા 'સેન્ટર ફોર ઇન્વેન્શન. ઇનોવેશન. ઇનક્યુબેશન એન્ડ ટ્રેઇનિંગ' (CIIT) નું પણ શિલારોપણ કરવામાં આવ્યું.

# કોલકાતાઃ ચિત્તરંજન કેન્સર ઈન્સ્ટિટ્યૂટના બીજા કેમ્પસની શરૂઆત

**કોવિડ જેવા સંકટના સમયમાં કેન્દ્ર સરકારે દેશની દરેક વ્યક્તિ સુધી ઉત્તમ સેવાઓ પહોંચાડવા માટે આરોગ્યના માળખાની જે બ્લુપ્રિન્ટ તૈયાર કરી તેને સાકાર કરવા એક પછી એક પગલાં લેવામાં આવી રહ્યા છે. ઉત્તરપ્રદેશમાં એક સાથે નવ નવી મેડિકલ કોલેજ, ઉત્તરાખંડમાં મેડિકલ કોલેજ, ગોરખપુરમાં એઈમ્સ, પ્રધાનમંત્રી આત્મનિર્ભર ભારત જેવી યોજનાની શરૂઆત બાદ હવે પશ્ચિમ બંગાળમાં કેન્સરની સારવાર માટે ઈન્ફ્રાસ્ટ્રક્ચરને વધુ મજબૂત કરવાની દિશામાં પગલાં લેવાની શરૂઆત કરવામાં આવી છે. કોલકતાની ચિત્તરંજન રાષ્ટ્રીય કેન્સર સંસ્થાના બીજા કેમ્પસનું ઉદઘાટન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 7 જાન્યુઆરીનાં રોજ કર્યું હતું.**



- ચિતરંજન કેન્સર ઈન્સ્ટિટ્યૂટમાં દર્દીઓની સંખ્યામાં ખૂબ વધારો થઈ ગયો હતો અને છેલ્લાં કેટલાંક સમયથી તેનું વિસ્તરણ કરવાની જરૂરિયાત અનુભવાતી હતી. હવે બીજું કેમ્પસ બનાવીને આ જરૂરિયાતને પૂરી કરવામાં આવશે.
- બીજું કેમ્પસ રૂ. 530 કરોડથી વધુનાં ખર્ચે તૈયાર કરવામાં આવ્યું છે, જેમાં આશરે રૂ. 400 કરોડ કેન્દ્ર સરકાર અને બાકીનાં પશ્ચિમ બંગાળ સરકારે આપ્યાં છે.
- આ કેમ્પસ 460 બેડ ધરાવતું વ્યાપક કેન્સર યુનિટ છે, જેમાં કેન્સર નિદાન, કેન્સરના તબક્કાનું નિર્ધારણ, ઉપચાર અને દેખરેખ માટે અત્યાધુનિક પાયાની સુવિધા ઉપલબ્ધ છે.
- આ પરિસર ન્યૂક્લિયર મેડિસિન (પીઈટી), 3.0, ટેસ્લા MRI, 128 સ્લાઈસ સીટી સ્કેનર, રેડિયોન્યૂક્લાઈડ થેરપી યુનિટ, એન્ડોસ્કોપી સૂટ, આધુનિક બ્રેકીથેરપી યુનિટ જેવી સુવિધાઓથી સુસજ્જ છે.
- આ પરિસર અદ્યતન કેન્સર સંશોધન કેન્દ્ર તરીકે પણ કામ કરશે. ખાસ કરીને દેશના પૂર્વીય અને ઉત્તર પૂર્વીય રાજ્યોના કેન્સર દર્દીઓને ઉત્તમ સારવારની સુવિધા મળી શકશે.

“

**કેન્સરની બિમારી તો એવી છે જેનું નામ સાંભળતા જ ગરીબ અને મધ્યમ વર્ગ હિંમત હારી જતો હતો. ગરીબને આ વિષચક્ર, આ ચિંતામાંથી બહાર લાવવા માટે સસ્તી અને સુલભ સારવાર પૂરી પાડવા દેશ પગલાં ભરી રહ્યો છે.**

**-નરેન્દ્ર મોદી, વડાપ્રધાન**






# દેશમાં પ્રથમ વાર કોઇ રાજ્યમાં એક સાથે 11 નવી મેડિકલ કોલેજોની શરૂઆત થઈ

**મજબૂત હેલ્થ ઈન્ફ્રાસ્ટ્રક્ચર આજના સમયમાં પાયાની મોટી જરૂરિયાત છે. અંતરિયાળ વિસ્તારો સુધી આરોગ્યની ઉત્તમ સુવિધાઓ પહોંચાડવી અને ડોક્ટરોની અછતને દૂર કરવી એ કેન્દ્ર સરકારની પ્રાથમિકતાઓમાં સામેલ છે. તેનું ઉદાહરણ આ રહ્યું: વર્ષ 2014માં દેશમાં 387 મેડિકલ કોલેજો હતી, જ્યારે હવે તેની સંખ્યા વધીને 596 થઈ ગઈ છે. 25 ઓક્ટોબરનાં રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઉત્તરપ્રદેશને એક સાથે નવ મેડિકલ કોલેજની ભેટ આપી હતી, તો હવે તામિલનાડુમાં એક સાથે 11 નવી મેડિકલ કોલેજની શરૂઆત થઈ છે...**

કોવિડ-19 મહામારીએ જીવનમાં આરોગ્ય ક્ષેત્રનું કેટલું મહત્વ છે એ વધુ એક વાર પુરવાર કર્યું છે. આરોગ્ય સેવાઓમાં રોકાણ કરનાર સમાજ જ માનવજાતનું સંવર્ધન કરશે. ભારત સરકારે આ ક્ષેત્રમાં અનેક સુધારા કર્યા છે. ગરીબ લોકોને ઉચ્ચ ગુણવત્તાયુક્ત અને સસ્તી આરોગ્ય સેવાની પહોંચ પ્રદાન કરવાનું શ્રેય આયુષ્યમાન ભારતને જાય છે, તો પ્રધાનમંત્રી જનઔષધિ કેન્દ્ર દ્વારા હવે લોકોને 90 ટકા સુધી સસ્તા ભાવમાં દવાઓ મળી રહી છે. કેન્દ્ર સરકાર ઉત્તમ આરોગ્ય સુવિધાઓની દિશામાં સતત કામગીરી કરી રહી છે, પણ દેશમાં વર્ષો સુધી ડોક્ટરોની અછત હંમેશા મોટો મુદ્દો રહ્યો છે. 2014માં આ દિશામાં કેન્દ્ર સરકારે કામ શરૂ કર્યું અને ત્યારથી સાત વર્ષમાં એ પરિણામ આવ્યું કે 209 નવી મેડિકલ કોલેજ, 22 નવી એઈમ્સ ખુલી છે. 2014માં દેશમાં 387 મેડિકલ કોલેજ હતી, જે વધીને હવે 596 થઈ ગઈ છે. 2014માં દેશમાં મેડિકલ સ્નાતક અને સ્નાતકોત્તરની 82,000 સીટ હતી, તેની સંખ્યા વધીને હવે 1.84 લાખ થઈ ગઈ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની એ પ્રતિબધ્ધતાનું આ પરિણામ છે, જેનો ઉલ્લેખ કરતા તેઓ વારંવાર કહે છે, “મારું સપનું છે કે દેશનાં દરેક જિલ્લામાં એક મેડિકલ કોલેજ હોય.”


12 ડિસેમ્બરનાં રોજ તામિલનાડુમાં એક સાથે 11 નવી મેડિકલ કોલેજનું ઉદઘાટન કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું, “એક રાજ્યમાં એક સાથે 11 મેડિકલ કોલેજોનું ઉદઘાટન થઈ રહ્યું હોય એવું પ્રથમ વાર બની રહ્યું છે. હજુ થોડાં દિવસો પહેલાં ઉત્તરપ્રદેશમાં મેં એક સાથે 9 મેડિકલ કોલેજોનું ઉદઘાટન કર્યું હતું. એટલે, મને મારો જ રેકોર્ડ તોડવાની તક મળ રહી છે.” ●

## તામિલનાડુને અનેક ભેટ

- નવી મેડિકલ કોલેજ આશરે રૂ. 4,000 કરોડનાં ખર્ચે સ્થાપવામાં આવી છે, જેમાં રૂ. 2,145 કરોડનો ખર્ચ કેન્દ્ર સરકારે ભોગવ્યો છે.
- જે નવ જિલ્લાઓમાં મેડિકલ કોલેજ સ્થાપવામાં આવી છે, તેમાં વિરુધનગર, નમક્કલ, નીલગિરી, તિરુપુર, તિરુવલ્લૂર, નાગપટ્ટીનમ, ડિંડીગુલ, કલ્લા કુરિચી, અરિયાલુર, રામનાથપુરમ અને કૃષ્ણાગિરીનો સમાવેશ થાય છે.
- નવી મેડિકલ કોલેજો ખૂલવાથી એમબીબીએસની બેઠકોમાં 1,450નો વધારો થશે. દેશમાં સસ્તા મેડિકલ શિક્ષણને પ્રોત્સાહન મળશે. આરોગ્યની પાયાની સુવિધાઓમાં સુધારો થશે.
- વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ચેન્નાઈમાં કેન્દ્રીય શાસ્ત્રીય તામિલ સંસ્થામાં નવા પરિસરનું ઉદઘાટન કર્યું. તેનાથી CICTનું નવું પરિસર શાસ્ત્રીય ભાષાઓને પ્રોત્સાહન આપવામાં અને ભારતીય વારસાનું સંરક્ષણ કરવામાં મદદ કરશે.
- ‘તિરુક્કુરલ’નો અનુવાદ અને પ્રકાશન ભારતીય ભાષાઓની સાથે સાથે 100 વિદેશી ભાષામાં પણ થશે. પુસ્તકાલયમાં સેમિનાર હોલ, મલ્ટી મિડિયા હોલ પણ હશે.

# 2030 સુધી અક્ષય ઊર્જા ક્ષમતાનું લક્ષ્ય હાંસલ કરવાની દિશામાં વધુ એક પગલું

**ભવિષ્યમાં ઊર્જાની જરૂરિયાતો પૂરી કરવા અને પર્યાવરણને સલામત રાખવા માટે અત્યારથી કામ કરવાની જરૂર છે. એટલાં માટે જ સરકારે દેશની લાંબા ગાળાની ઊર્જા સલામતીમાં પ્રદાન કરવા માટે ઇન્ટર-સ્ટેટ ટ્રાન્સમિશન સિસ્ટમ ગ્રીન એનર્જી કોરિડોરના બીજા તબક્કાને મંજૂરી આપી છે. આનાથી ઊર્જાની જરૂરિયાતો સંતોષાશે એટલું જ નહીં, તેનાથી સીધી અને આડકતરી નોકરીઓનું પણ સર્જન થશે. આ ઉપરાંત કેબિનેટે ધારચુલા (ભારત) અને ધારચુલા (નેપાળ) વચ્ચે મહાકાળી નદી પર બ્રિજનાં નિર્માણને પણ મંજૂરી આપી હતી..**



- **નિર્ણયઃ કેન્દ્રીય મંત્રીમંડળે ઈન્ટર-સ્ટેટ ટ્રાન્સમિશન સિસ્ટમ ગ્રીન એનર્જી કોરિડોરના બીજા તબક્કાને મંજૂરી આપી હતી. કુલ રૂ. 12,031 કરોડનાં અંદાજિત ખર્ચે યોજના શરૂ કરવાનું લક્ષ્ય મૂકવામાં આવ્યું છે.**
- **અસરઃ** આ યોજનાથી 2030 સુધી 450 ગિગાવોટ સ્થાપિત અક્ષય ઊર્જાનું લક્ષ્ય પ્રાપ્ત કરવામાં સહાયતા મળશે. તેમાં ઊર્જા સલામતી અને પર્યાવરણલક્ષી વિકાસ જેવા અન્ય લાભનો પણ સમાવેશ થાય છે.
- અક્ષય ઊર્જાને ગ્રિડમાં એકીકૃત કરવાથી ટ્રાન્સમિશન સરળ રહેશે. આ પહેલથી ગુજરાત, હિમાચલ પ્રદેશ, કર્ણાટક, કેરળ, રાજસ્થાન, તામિલનાડુ અને ઉત્તરપ્રદેશને લાભ થશે, જેનાથી આશરે 20 ગિગાવોટ અક્ષય ઊર્જાના ગ્રિડ ઈન્ટીગ્રેશન અને પાવર ઈવેક્યુએશન પ્રોજેક્ટ્સને મદદ મળશે. કાર્બન ફુટપ્રિન્ટને ઘટાડીને પર્યાવરણીય સાતત્યપૂર્ણ વિકાસને મદદ મળશે, જેનાથી મોટા પાયે સીધી અને આડકતરી રીતે રોજગાર સર્જન થશે.
- **નિર્ણયઃ કેન્દ્રીય મંત્રીમંડળે ધારચુલા (ભારત) અને ધારચુલા (નેપાળ) વચ્ચે મહાકાળી નદી પર બ્રિજનાં નિર્માણ માટે ભારત અને નેપાળ વચ્ચે સમજૂતિપત્રને મંજૂરી આપી.**
- **અસરઃ** આનાથી ઉત્તરાખંડની સાથે સાથે નેપાળની બાજુ રહેનારા લોકોને પણ લાભ થશે. સમજૂતિપત્ર પર હસ્તાક્ષર થવાથી બંને દેશો વચ્ચે રાજદ્વારી સંબંધો વધુ મજબૂત થશે.
- ગાઢ સંબંધો ધરાવતા પડોશી તરીકે ભારત અને નેપાળ વચ્ચે મિત્રતા અને સહકારનો અનોખો સંબંધ છે, જેનો પુરાવો ખુલ્લી સરહદ અને લોકો વચ્ચે પરસ્પરના ગાઢ સંબંધો અને સંસ્કૃતિ છે. ભારત અને નેપાળ સાર્ક, બિમસ્ટેક તેમજ વૈશ્વિક મંચો પર સાથે મળીને કામ કરી રહ્યા છે.
- **નિર્ણયઃ કેન્દ્રીય મંત્રીમંડળે કસ્ટમ્સ અંગેની બાબતોમાં ભારત અને સ્પેન વચ્ચે પરસ્પર સહકાર મુદ્દે સમજૂતિને મંજૂરી આપી હતી.**
- **અસરઃ** આ સમજૂતિથી કસ્ટમ્સના નિયમોનો ભંગ થતો અટકાવવા અને તપાસ માટે વિશ્વાસપાત્ર, સમયસર અને ઓછા ખર્ચમાં માહિતી અને ગુપ્ત માહિતી મેળવવામાં અને કસ્ટમ્સના ગુનેગારોને પકડવામાં મદદ મળશે.
- આ સમજૂતિ બંને દેશો વચ્ચેના કસ્ટમ્સ અધિકારીઓ વચ્ચે માહિતીની આપલે કરવા માટે કાનૂની માળખું પૂરું પાડશે અને તેનાથી કસ્ટમ્સ નિયમનોનું સંચાલન કરવું તથા કસ્ટમ્સના ગુનાઓ અને કાનૂની વેપાર ઓળખવાનું અને તેની તપાસ કરવી સરળ બનશે.
- **નિર્ણયઃ ભારત અને તુર્કમેનિસ્તાન વચ્ચે આપત્તિ વ્યવસ્થાપન ક્ષેત્રમાં સહકાર અંગે સમજૂતિપત્રને મંજૂરી**
- **અસરઃ** તેનો હેતુ એવી સિસ્ટમ ઊભી કરવાનો છે જેનાથી ભારત અને તુર્કમેનિસ્તાન બંનેને એકબીજાની આપત્તિ વ્યવસ્થાપન પ્રક્રિયાનો લાભ થશે અને આપત્તિ માટેની તૈયારી, પ્રતિસાદ અને ક્ષમતા નિર્માણને મજબૂતી મળશે. ●

# સમાજ સુધારણાની જાગૃતિની સાથે આઝાદીની લડાઈ પણ લડ્યા

**ભારતના સ્વતંત્રતા સંગ્રામમાં એવા અનેક નામો છે, જેમણે આઝાદીની લડાઈ લડતા લડતા પોતાનું જીવન મા ભારતીના ચરણોમાં સમર્પિત કરી દીધું. અનેક યુવાનો પોતાનો અભ્યાસ છોડીને આંદોલનમાં જોડાઈ ગયા તો અનેકે પોતાનું ભવિષ્ય, નોકરી, કારકીર્દિ દેશ પર કુરબાન કરી દીધાં. આ આંદોલનમાં નવયુવાનોની સાથે સાથે સમાજ સુધારકો પણ હતા. આઝાદીનાં અમૃત વર્ષમાં આવા વીરોનું પુણ્યસ્મરણ કરીને તેમને નમન કરવામાં આવી રહ્યું છે. અમૃત મહોત્સવની શ્રૃંખલામાં આ વખતે આવા કેટલાંક વીરલાઓનાં બલિદાન અને સમર્પણની કહાની....**

શનિવારનો દિવસ હતો અને તારીખ હતી 4 ફેબ્રુઆરી, 1922. આ દિવસે ગોરખપુરના પશ્ચિમમાં આશરે 20 કિલોમીટર દૂર ચૌરીચોરામાં એક પોલિસ મથકમાં આગ લગાવવાની ઘટના બની. આ ઘટનામાં આપવામાં આવેલા બલિદાને દેશના સ્વતંત્રતા સંગ્રામને નવી દિશા ચિંધી. દુર્ભાગ્યની વાત છે કે ચૌરીચોરાના શહીદોની જેટલી ચર્ચા થવી જોઈએ તેટલી ન થઈ. આ સંગ્રામના શહીદો અને ક્રાંતિકારીઓને ઇતિહાસના પાનામાં ભલે ખાસ જગ્યા ન મળી હોય પણ આઝાદી માટે તેમણે આપેલું લોહી દેશની માટીમાં મળેલું છે, જે હંમેશા પ્રેરણા આપતું રહ્યું છે. આ ઘટનાને 100 વર્ષ થયા ત્યારે 4 ફેબ્રુઆરી, 2021નાં રોજ વડાપ્રધાને ચૌરીચોરામાં શતાબ્દિ સમારોહનું ઉદઘાટન કરીને ટપાલ ટિકિટ પણ જારી કરી હતી. આ સમારોહ એવા સમયે થયો હતો જ્યારે દેશ તેની સ્વતંત્રતાના 75મા વર્ષમાં પ્રવેશ કરી રહ્યો હતો.

75 आज़ादी का अमृत महोत्सव

આઝાદીના અમૃત મહોત્સવમાં આ અંકમાં સુભદ્રાકુમારી ચૌહાણ, શચીન્દ્રનાથ સાન્યાલ, સતગુરુ રામ સિંહ અને ગાંધીવાદી વિચારક મગનભાઈ દેસાઈની કહાની, જેમણે પોતાની રીતે આઝાદીની લડાઈ લડી એટલું જ નહીં પણ ભારતના નવનિર્માણનો પાયો મજબૂત કરવામાં મહત્વનું યોગદાન આપ્યું...







શચીન્દ્રનાથ સાન્યાલ

# જેમને બે વાર 'કાળા પાણી'ની સજા મળી હતી

**શચીન્દ્રનાથ સાન્યાલ કહેતા હતા-હું જ્યારે બાળક હતો ત્યારથી જ નિર્ણય કરી લીધો હતો કે ભારતને સ્વતંત્ર કરવાનું છે અને તેનાં માટે મારે લશ્કરનું જીવન જીવવાનું છે.**



શચીન્દ્રનાથ સાન્યાલ (ડાબેથી બીજા નંબરે)

તમામ સ્વતંત્રતા સેનાનીઓમાં શચીન્દ્રનાથ સાન્યાલ જ એક એવી વ્યક્તિ હતી જેમને અંગ્રેજ સરકારે બે વાર કાળા પાણીની સજા કરી હતી. વારંવાર તેમની ધરપકડ થતી રહી, વારંવાર તેમને નજરકેદમાં રાખવામાં આવ્યા, પણ આટલી બધી મુશ્કેલી સહન કર્યા પછી પણ તેઓ પાછા આવ્યા અને અંગ્રેજો સામે સંઘર્ષ કરતા રહ્યા અને મા ભારતીને ગુલામીની બેડીઓમાંથી સ્વતંત્ર કરાવવાનું પોતાનું અભિયાન ક્યારેય ન રોક્યું. 3 એપ્રિલ, 1893નાં રોજ વારાણસીમાં જન્મેલા શચીન્દ્રનાથ સાન્યાલ એવા સ્વતંત્રતા સેનાની હતા જેમણે પોતાનાં સાહસ અને દેશભક્તિ દ્વારા વીર ક્રાંતિકારીઓની નવી પેઢી તૈયાર કરીને સ્વતંત્રતા આંદોલનને નવી દિશા અને ધાર આપવાનું કામ કર્યું હતું. તેઓ વારાણસીની ક્વિન્સ કોલેજમાં ભણતા હતા ત્યારે કાશીના પ્રથમ ક્રાંતિકારી દળ અનુશીલન સમિતિની રચના કરીને સ્વતંત્રતા આંદોલનમાં સક્રિય ભૂમિકા ભજવવાનો સંકલ્પ કર્યો હતો. નવી પેઢીના ક્રાંતિકારીઓના પ્રતિનિધિ સાન્યાલ હિન્દુસ્તાન રિપબ્લિકન એસોસિએશનના સંસ્થાપકોમાંના એક હતા, જેમને લાહોર ષડયંત્ર અને વારાણસી ષડયંત્ર બંનેમાં આરોપી બનાવવામાં આવ્યા હતા. 1915માં તેમની ધરપકડ કરવામાં આવી અને કાળા પાણીની સજા કરવામાં આવી. તેઓ લાંબા સમય સુધી રાસબિહારી બોસના સંપર્કમાં રહ્યા હતા અને અંગ્રેજો સામે લડાઈમાં સતત આગળ વધતા રહ્યા. 9 ઓગસ્ટ, 2015નાં રોજ લખનઉથી આશરે 16 કિલોમીટર દૂર કાકોરી નામની જગ્યાએ રામ પ્રસાદ બિસ્મિલના નેતૃત્વમાં ક્રાંતિકારીઓએ એક ટ્રેનમાંથી અંગ્રેજોનો ખજાનો લૂંટ્યો હતો. આ કેસમાં શચીન્દ્રનાથ સાન્યાલની પણ ધરપકડ કરવામાં આવી હતી. તેમના નાના ભાઈ ભુપેન્દ્રને પાંચ વર્ષ અને મન્મથનાથને 14 વર્ષની સજા થઈ. શચીન્દ્રનાથ સાન્યાલનો ગોરખપુર સાથે ગાઢ સંબંધ હતો. ટીબીના રોગમાં સપડાયા બાદ ગોરખપુરમાં તેમણે અંતિમ શ્વાસ

સુભદ્રાકુમારી ચૌહાણ   જન્મઃ 16 ઓગસ્ટ, 1904,  મૃત્યુઃ 15 ફેબ્રુઆરી, 1948

# 'ખૂબ લડી મર્દાની, વો તો ઝાંસીવાલી રાની થી' કવિતા લખનાર સુભદ્રાકુમારી ચૌહાણ



**સુભદ્રાકુમારી ચૌહાણે પોતાની કવિતાઓ, કહાનીઓ અને રચનાઓને અત્યંત સરળ શબ્દોમાં લખ્યાં. તેમની રચનાઓમાં વીરતાનો ઉલ્લેખ છે, તો તેમણે બાળકો માટે કવિતાઓ પણ લખી હતી. તેમણે મધ્યમવર્ગના જીવન પર વાર્તાઓ લખી, તો પોતાના લેખન દ્વારા ભારતીય જનમાનસને હચમચાવવાનું કામ પણ કર્યું.**

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની અસહકારની ચળવળમાં ભાગ લેનાર પ્રથમ ભારતીય મહિલા સુભદ્રાકુમારી ચૌહાણનો જન્મ ઉત્તરપ્રદેશના પ્રયાગરાજમાં નિહાલપુર ગામમાં ઠાકુર રામનાથ સિંહના ઘરમાં 16 ઓગસ્ટ, 1904નાં રોજ થયો હતો. પ્રારંભિક અભ્યાસ પ્રયાગરાજની ક્રોસ્થવેટ ગર્લ્સ સ્કુલમાં કર્યો અને 1919માં માધ્યમિક શિક્ષણ પૂરું કર્યું. એ જ વર્ષે ખંડવાના ઠાકુર લક્ષ્મણસિંહ ચૌહાણ સાથે લગ્ન બાદ તેઓ જબલપુર આવી ગયા. તેમણે અસહકારની ચળવળમાં પણ ભાગ લીધો હતો અને રાષ્ટ્રવાદી કવિતાઓ પણ લખી. તેમણે ભારતની આઝાદીની લડાઈમાં સક્રિય ભૂમિકા ભજવી, જેને કારણે તેમને અનેક વાર જેલમાં પણ જવું પડ્યું અને મુશ્કેલીઓ વેઠવી પડી. તેમણે પોતાની આ મુશ્કેલીઓના અનુભવો પોતાના લેખનમાં રજૂ કર્યા છે. એટલું જ નહીં, પોતાની રચનાઓના માધ્યમથી બીજા લોકોને પણ આઝાદીની લડાઈમાં સામેલ થવા પ્રેરિત કર્યા અને સ્વતંત્રતા સંઘર્ષમાં ક્રાંતિકારી ભાષણો આપ્યા. 'ખૂબ લડી મર્દાની' કવિતા લખીને તેમણે રાણી લક્ષ્મીબાઈની વીરગાથા ભારતના ઘર ઘરમાં પહોંચાડી હતી. તેઓ એક એવાં માર્ગદર્શક લેખિકા અને સ્વતંત્રતા સેનાની હતાં, જે સાહિત્યમાં પુરુષોના પ્રભુત્વ ધરાવતા સમયમાં રાષ્ટ્રીય સ્તર પર જાણીતાં બન્યાં. તેમની પ્રથમ કવિતા માત્ર નવ વર્ષની ઉંમરમાં પ્રકાશિત થઈ ગઈ હતી. તેમણે કુલ 88 કવિતાઓ તથા 46 લઘુ કથાઓ લખી છે. 'બિખરે મોતી', 'ઉન્માદિની' 'સીધે સાધે ચિત્ર' ઉપરાંત કવિતા સંગ્રહ 'ખિલૌનેવાલા', 'યે કદમ્બ કા પેડ' અને 'ત્રિધારા' તેમની પ્રસિધ્ધ કૃતિઓમાં સામેલ છે. તેમનાં નામ પર એક ભારતીય તટરક્ષક જહાજનું નામ પણ રાખવામાં આવ્યું છે. ગયા વર્ષે 16 ઓગસ્ટનાં રોજ સુભદ્રાકુમારી ચૌહાણનાં 117મા જન્મદિવસ પ્રસંગે ગુગલે ડુડલ બનાવીને તેમને શ્રધ્ધાંજલિ આપી હતી. 15 ફેબ્રુઆરી, 1948નાં રોજ માત્ર 44 વર્ષની ઉંમરે તેમનું અવસાન થયું હતું. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વિશ્વ પર્યાવરણ દિવસ પ્રસંગે 5 જૂન, 2015નાં રોજ વડાપ્રધાન નિવાસની લોન પર કદંબનો છોડ વાવ્યો હતો. આ પ્રસંગે તેમણે સુભદ્રાકુમારી ચૌહાણની કવિતાની પંક્તિઓ **'यह कदंब का पेड़ अगर मां होता यमुना तीरे। मैं भी उस पर बैठ कन्हैया बनता धीरे-धीरे'**નું સ્મરણ કર્યું હતું.

"આઝાદીનો અમૃત મહોત્સવ આપણને આઝાદીની લડાઈની યાદોને જીવવાની તક આપે છે, તેને અનુભવવાની તક આપે છે. દેશ માટે નવો સંકલ્પ લેવાનો, કંઇક કરી બતાવવાની ઇચ્છાશક્તિ દર્શાવવાનો, પ્રેરક ઉત્સવ છે, પ્રેરક પ્રસંગ છે. આવો, આપણે સ્વતંત્રતા સંગ્રામની મહાન વિભૂતિઓથી પ્રેરિત થતા રહીએ, દેશ માટે આપણાં પ્રયત્નો વધુ મજબૂત કરતા રહીએ- નરેન્દ્ર મોદી, વડાપ્રધાન

મગનભાઇ દેસાઇ   જન્મ: 11 ઓક્ટોબર, 1889   મૃત્યુ: 1 ફેબ્રુઆરી, 1969

# મગનભાઇ દેસાઇ: ગાંધીવાદી વિચારક, સ્વતંત્રતાસેનાની, શિક્ષણવિદ અને સમાજ સુધારક


**1930માં સવિનય કાનૂન ભંગ દરમિયાન તેઓ સક્રિય રહ્યા અને 1932માં બ્રિટિશ સરકારે તેમની તેમની ધરપકડ કરી: ભારત છોડો આંદોલનમાં પણ ભાગ લીધો**

પ્રસિધ્ધ ગાંધીવાદી વિચારક અને શિક્ષણવિદ્ મગનભાઈ દેસાઈનો જન્મ 11 ઓક્ટોબર, 1889નાં રોજ ગુજરાતના ખેડા જિલ્લાના ધર્મજમાં એક ધર્મપરાયણ પરિવારમાં થયો હતો. તેમણે ક્યારેય પોતાના સિધ્ધાંતો સાથે સમાધાન નહોતું કર્યું. મગનભાઈ મુંબઈમાં અભ્યાસ કરી રહ્યા હતા ત્યારે ગાંધીજીનું ભાષણ સાંભળ્યા બાદ તેમનાંથી પ્રભાવિત થઈને અભ્યાસ છોડી દીધો હતો. જો કે પાછળથી અભ્યાસ પૂરો કર્યો અને શિક્ષક તરીકે કામ કરતા રહ્યા. તેમણે ભારતના સ્વતંત્રતા સંગ્રામમાં ભાગ લીધો એટલું જ નહીં પણ દેશની આઝાદી પહેલાં અને પછી પણ સામાજિક કાર્યોમાં જોડાયેલા રહ્યા. 1930માં સવિનય કાનૂન ભંગ દરમિયાન તેઓ ઘણા સક્રિય રહ્યા અને 1932માં બ્રિટિશ સરકારે તેમની તેમની ધરપકડ કરી. ભારત છોડો આંદોલન દરમિયાન પણ તેમણે અત્યાચારી અંગ્રેજો વિરુદ્ધ પોતાની લડત ચાલુ રાખી અને આંદોલનમાં ગાંધીવાદી સિધ્ધાંતોનું પાલન કરીને ભાગ લેતા રહ્યા. ગાંધીજીના વિચારોને ફેલાવવા માટે તેમણે ઓક્ટોબર 1939માં 'શિક્ષણ અને સાહિત્ય' નામનું સામયિક ચાલુ કર્યું હતું, જેનાં તંત્રી તરીકે તેઓ એપ્રિલ 1961 સુધી રહ્યા. દેશ આઝાદ થયા બાદ મગનભાઈએ ગાંધીવાદી મૂલ્યો પ્રમાણે શિક્ષણ, ગૃહ ઉદ્યોગ, દારૂબંધી ક્ષેત્રમાં અભિયાન ચલાવ્યું. તેઓ હિન્દી, દારૂબંધી, સર્વોદય, પ્રૌઢ શિક્ષણ, રાજ્યભાષા પંચ વગેરેની લગતી 30થી વધુ પ્રાદેશિક અને રાષ્ટ્રીય સમિતિઓ સાથે જોડાયેલા હતા. તેઓ 1946થી 1953 સુધી અમદાવાદ મ્યુનિ. સ્કૂલ બૉર્ડના પ્રમુખ રહ્યા હતા. 1946માં નવજીવન ટ્રસ્ટના સભ્ય બન્યા. તેમણે શિક્ષણ, સંસ્કૃતિ, ઈતિહાસ, ગાંધીદર્શન, ધર્મ, રાજકારણ, અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર જેવા વિષયો પર લેખો અને પુસ્તકો લખ્યા. ગુજરા વિદ્યાપીઠ છોડ્યા પછી ઓગસ્ટ, 1961થી મૃત્યુ સુધી તેઓ સત્યાગ્રહ સાપ્તાહિકના તંત્રી રહ્યા. 1 ફેબ્રુઆરી, 1969નાં રોજ તેમનું અવસાન થયું હતું.

સતગુરુ રામસિંહ   જન્મ: 3 ફેબ્રુઆરી, 1816   મૃત્યુ: 29 નવેમ્બર, 1885

# દેશને આઝાદ કરાવવા માટે સતગુરુ રામસિંહે કૂકા આંદોલન શરૂ કરાવ્યું હતું

સતગુરુ રામસિંહ સ્વતંત્રતા સેનાની અને સમાજ સુધારક હોવાની સાથે સાથે મહાન આધ્યાત્મિક ગુરુ, વિચારક, દ્રષ્ટા, દાર્શનિક પણ હતા. લગભગ 150 વર્ષ પહેલાં દેશ અને માનવજાતિની સંપૂર્ણ સ્વતંત્રતા માટે તેમણે ભારતીય નાગરિકોને સંગઠિત કર્યા હતા. 19મી સદીમાં તેમણે શિક્ષણ અને વ્યવહાર કુશળતાનો જે અનુભવ પૂરો પાડ્યો તે 21મી સદીમાં આજે પણ પ્રાસંગિક છે. તેઓ સાદાઈથી લગ્ન, વિધવા પુનર્લગ્ન અને સામૂહિક લગ્નનાં પણ હિમાયતી હતા. સ્વતંત્રતા સંગ્રામમાં તેમનું ઉલ્લેખનીય પ્રદાન હતું અને તેમણે અંગ્રેજો વિરુદ્ધ પ્રથમ બળવો કર્યો હતો. સતગુરુ રામસિંહનો જન્મ 3 ફેબ્રુઆરી, 1816નાં રોજ પંજાબના લુધિયાણા જિલ્લાના એક ગામમાં થયો હતો. તેમણે દેશને સ્વતંત્ર કરાવવા માટે નામધારી સંપ્રદાયનું નેતૃત્વ કર્યું હતું અને 1857ના બળવાના એક મહિના પહેલાં કૂકા આંદોલન શરૂ કર્યું હતું. સતગુરુ રામસિંહે બ્રિટનમાં બનેલી ચીજવસ્તુઓ અને સેવાઓનો પણ બહિષ્કાર કરવાનું સમર્થન કર્યું હતું. મહાન સમાજ સુધારક હોવાની સાથે સાથે તેઓ દીકરીઓને દૂધપીતી કરવાના રિવાજના પણ ભારે વિરોધી હતા. સતગુરુએ સતીપ્રથા સામે પણ તીવ્ર આંદોલન ચલાવ્યું. તેઓ વિધવાઓને પુનર્લગ્ન કરવાનો આગ્રહ કરતા હતા, જેથી વિધવાઓ સમાજમાં સ્વાભિમાન સાથે જીવન જીવી શકે. તેમણે નવી સમૂહ લગ્ન વ્યવસ્થાની શરૂઆત કરાવી હતી, જેમાં માત્ર સવા રૂપિયો ખર્ચીને લગ્ન કરાવવામાં આવતા હતા. કોઈ પણ પ્રકારનાં દહેજની લેવડદેવડ પર સંપૂર્ણ પ્રતિબંધ લગાવવાનો પ્રયાસ પણ તેમણે કર્યો હતો. દેશમાં આત્મસન્માન અને બલિદાનની ભાવનાને વેગ આપવા માટે તેમણે લોકોમાં ધાર્મિક જાગૃતિનો પ્રસાર કર્યો હતો. 29 નવેમ્બર, 1885નાં રોજ તેમનું અવસાન થયું હતું. 2016માં ભારત સરકારે સત્તાવાર રીતે સતગુરુ રામસિંહની 200મી જન્મજયંતી મનાવવાનો નિર્ણય લીધો હતો. ●



# સમાજ સુધારાના પ્રણેતા

**જન્મ: 12 ફેબ્રુઆરી, 1824**
**મૃત્યુઃ 30 ઓક્ટોબર, 1883**

**શિવરાત્રિની મધરાતે એક બાળકે જોયું કે એક ઉંદર શિવલિંગ પર ચઢીને પ્રસાદ ખાઈ રહ્યો છે. તેને આશ્ચર્ય થયું અને આઘાત પણ લાગ્યો. એ જ ક્ષણથી મૂર્તિ પૂજા પરથી તેનો વિશ્વાસ ઉઠી ગયો. પુત્રના વિચારોમાં થઈ રહેલું પરિવર્તન જોઈને પિતા તેનાં લગ્નની તૈયારીમાં લાગી ગયા. બાળકને આ વાતની ખબર પડી એટલે તે ઘર છોડીને ભાગી ગયો. માથુ મુંડાવી નાખ્યું, ભગવા વસ્ત્ર ધારણ કરી લીધાં અને બ્રહ્મચર્યનું વ્રત લીધું. સમાજમાં ફેલાયેલી બદીઓ, કુરિવાજોને નાબૂદ કરીને ભારતનો ઉધ્ધાર કરવાની પ્રતિજ્ઞા લઈને ઘર છોડી ગયેલું આ બાળક આગળ જતાં મહર્ષિ દયાનંદ સરસ્વતી તરીકે જાણીતું બન્યું.**

ગુજરાતમાં મોરબી પાસે ટંકારામાં 12 ફેબ્રુઆરી, 1824નાં રોજ એક બ્રાહ્મણ પરિવારમાં જન્મેલા દયાનંદ સરસ્વતીનું બાળપણનું નામ મૂળશંકર હતું. હિન્દુ પંચાગ પ્રમાણે ફાગણ મહિનાના કૃષ્ણપક્ષમાં તેમની જન્મજયંતી મનાવવામાં આવે છે. તેમનો પરિવાર સમૃધ્ધ હતો અને પ્રારંભિક જીવન આરામથી વીત્યું. મૂળશંકર 20 વર્ષ સુધી સમગ્ર દેશનાં મંદિરો, તીર્થસ્થળો અને પવિત્ર સ્થળોએ ફરતા રહ્યા. તેઓ પર્વતો અથવા જંગલોમાં રહેતા યોગીઓને પણ મળ્યા. તેમને પોતાની સમસ્યાઓ અંગે પૂછ્યું પણ કોઈની પાસેથી તેમને સંતોષકારક જવાબ ન મળ્યો. અંતમાં તેઓ મથુરા પહોંચ્યા જ્યાં તેમની મુલાકાત સ્વામી વિરજાનંદ સાથે થઈ. મૂળશંકર તેમના શિષ્ય બની ગયા અને સ્વામી વિરજાનંદે તેમને સીધું વેદોમાંથી શીખવાની સલાહ આપી. વેદોના અભ્યાસ દરમિયાન તેમને જીવન, મૃત્યુ અને જીવન અંગેનાં તેમનાં તમામ પ્રશ્નોનાં જવાબ મળ્યા. સ્વામી વિરજાનંદે મૂળશંકરને સમગ્ર સમાજમાં વૈદિક જ્ઞાન ફેલાવવાનું કામ સોંપ્યું અને તેમને ઋષિ દયાનંદ નામ આપ્યું.

એપ્રિલ 1875માં દયાનંદ સરસ્વીએ બોમ્બે (હવે મુંબઈ) માં આર્યસમાજની સ્થાપના કરી. આ હિન્દુ સુધાર આંદોલન હતું, જેમાં હિન્દુ ધર્મને સમાજની કાલ્પનિક માન્યતાઓમાંથી બહાર લાવવાનો હતો. તેમણે વેદોની સત્તાને સર્વોપરિ માની. સ્વામીજીએ કર્મ સિધ્ધાંત, પુનર્જન્મ, બ્રહ્મચર્ય તથા સંન્યાસને પોતાની ફિલોસોફીના ચાર સ્તંભ બનાવ્યા. કહેવાય છે કે સૌ પહેલાં 1876માં તેમણે જ 'સ્વરાજ્ય'નું સૂત્ર આપ્યું હતું, જેને પછી લોકમાન્ય તિળકે આગળ વધાર્યું. સત્યાર્થ પ્રકાશના લેખનમાં તેમણે ભક્તિ-જ્ઞાન ઉપરાંત સમાજના નૈતિક ઉત્થાન અને સમાજ સુધારા પર પણ ભાર મૂક્યો. તેમણે સમાજનું કપટપૂર્ણ વર્તન, દંભ, ક્રુરતા, દૂરાચાર, આડંબર અને મહિલાઓ પર અત્યાચારની ટીકા કરવામાં કોઈ સંકોચ ન રાખ્યો. તેમણે ધર્મનાં ક્ષેત્રમાં વ્યાપેલો અંધવિશ્વાસ, કુરીવાજો અને ઢોંગનો વિરોધ કર્યો અને ધર્મના વાસ્તવિક સ્વરૂપને સ્થાપિત કર્યું.

સ્વામી દયાનંદ સરસ્વતીએ ધર્મક્રાંતિની મશાલ જગાવવાની સાથે સાથે અંગ્રેજોની ચુંગાલમાં ફસાયેલા દેશને આઝાદી અપાવવા માટે રાષ્ટ્રક્રાંતિમાં પણ પ્રદાન આપ્યું. સ્વામી દયાનંદ સરસ્વતીએ આર્યસમાજના માધ્યમથી સમાજ સુધારણાનાં અનેક કાર્ય કર્યા. છુતઅછૂત, સતીપ્રથા, બાળલગ્ન, નરબલિ, ધાર્મિક સંકુચિતતા અને અંધવિશ્વાસ સામે તેમણે સમગ્ર દેશમાં વિરોધ કર્યો અને વિધવા પુનર્લગ્ન, ધાર્મિક ઉદારતા અને પરસ્પર ભાઈચારાનું સમર્થન કર્યું. કહેવાય છે કે વર્ષ 1883માં સ્વામી દયાનંદ સરસ્વતી જોધપુરના મહારાજાને ત્યાં ગયા. તેમનાથી પ્રભાવિત થઈને ત્યાંના રાજા યશવંત સિંહે નર્તકી સાથેના સંબંધ તોડી નાખ્યા. જેનાં કારણે નર્તકીએ ગુસ્સામાં આવીને રસોઈયા સાથે મળીને સ્વામીજીના ભોજનમાં કાચના ટૂકડા નાખી દીધા, જેના કારણે તેમની તબિયત બગડી ગઈ અને 30 ઓક્ટોબર, 1883નાં રોજ તેમનું અવસાન થયું. ●



# પરીક્ષા પર ચર્ચા 2022



પરીક્ષા પર ચર્ચાની માહિતી માટે QR કોડ સ્કેન કરો

પરીક્ષા દર વર્ષે આવે છે અને જ્યારે આવે છે ત્યારે પોતાની સાથે તણાવ, બેચેની અને ગભરાટ પણ લાવે છે. પરીક્ષાને લઈને વિદ્યાર્થી, શિક્ષક અને માતા-પિતા બધાં ચિંતિત હોય છે. તેમને આ સમસ્યાનો ઉકેલ પ્રેમપૂર્વક બતાવવા કોઈ હોતું નથી. તેમની આ સમસ્યાઓ જોઈને વડાપ્રધાન નરેન્દ્ર મોદી દર વર્ષે વિદ્યાર્થીઓની સાથે પરીક્ષા પર ચર્ચા કરે છે, જેથી વિદ્યાર્થીઓને સમસ્યા અને ચિંતામાંથી મુક્તિ મળી શકે. આ વર્ષે પણ તેમણે પરીક્ષા પહેલાં વિદ્યાર્થીઓ સાથે પરીક્ષા પર ચર્ચા કરવાનું આયોજન કર્યું છે. આ કાર્યક્રમ માટે 28 ડિસેમ્બરથી **MyGov.in** પર રજીસ્ટ્રેશન શરૂ કરવામાં આવ્યું હતું, જે 20 જાન્યુઆરી સુધી ચાલ્યું. પરીક્ષા પર ચર્ચા કાર્યક્રમમાં લોકોને વડાપ્રધાન દ્વારા સૂચનો અને સલાહ મળશે એટલું જ નહીં પણ તેમને પોતાનાં મનનાં પ્રશ્નો પણ પૂછી શકે છે. પરીક્ષા પર ચર્ચા કાર્યક્રમ માટે ધોરણ 9થી 12 સુધીના વિદ્યાર્થીઓ, શિક્ષક અને માતા-પિતા માટે ઓનલાઇન સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ‘મન કી બાત’ કાર્યક્રમમાં પરીક્ષા પર ચર્ચા વિષય અંગે જણાવ્યું હતું, હું ઇચ્છું છું કે તમે બધાં પરીક્ષા પર ચર્ચામાં જરૂર ભાગ લો. તમારી સાથે મુલાકાત કરવાની તક મળશે. આપણે બધાં મળીને પરીક્ષા, કારકીર્દિમાં સફળતા અને વિદ્યાર્થી જીવન સાથે જોડાયેલાં અનેક પાસા પર મંથન કરીશું.●

## પુરસ્કાર

**MyGov** પર આયોજિત સ્પર્ધાઓ દ્વારા લગભગ 2050 વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓને શિક્ષણ મંત્રાલય દ્વારા પીપીસી કિટ ભેટમાં આપવામાં આવશે. ગયા વર્ષે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પરીક્ષા પર ચર્ચા કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓ સાથે વર્ચ્યુઅલ માધ્યમથી 90 મિનીટ સુધી વાતચીત કરી હતી.

**“આ પરીક્ષા પર ચર્ચા છે, પણ માત્ર પરીક્ષાની જ ચર્ચા નથી. ઘણી બધી વાતો હોઈ શકે છે. એક હળવું ફુલ વાતાવરણ ઉભું કરવાનું છે. એક નવો આત્મવિશ્વાસ પેદા કરવાનો છે. જેવી રીતે તમે તમારા ઘરમાં બેસીને વાતો કરો છો, પોતાનાઓ સાથે વાત કરો છો, મિત્રો સાથે વાત કરો છો.**

**-નરેન્દ્ર મોદી, વડાપ્રધાન**





# શિક્ષણ અને પ્રાકૃતિક ખેતી પર બીજાઓ માટે પ્રેરણાસ્ત્રોત બન્યા

**શિક્ષણ અને આરોગ્ય જીવનનાં બે અમૂલ્ય રત્નો છે. દરેક વ્યક્તિ તેને મેળવવા માંગે છે, પણ ઘણી વાર સંસાધનોની અછતને કારણે એ શક્ય નથી બનતું. તેલંગણાના ડોક્ટર કુરેલા વિઠ્ઠલાચાર્યએ પુસ્તકાલય શરૂ કરીને લોકોને શિક્ષીત કરવાનું કામ કર્યું છે, તો આણંદના એક ગામમાં વિમલભાઈ પટેલ પર્યાવરણનું સંરક્ષણ કરવાની સાથે સાથે ખેડૂતોને અને યુવાનોને સ્વાવલંબી બનાવવાના કામમાં જોડાયા છે...**

## સપનું સાકાર કરવા ઉંમરનો બાધ નથી નડતો

કોઈ પણ કામ કરવા માટે ઉંમર આડે ન આવવી જોઈએ. ઘણાં લોકો મોટી ઉંમરમાં પણ યુવાનોને શરમાવે એવાં કામ કરી જાય છે. આરામ કરવાની ઉંમરે તેઓ એવા કામ કરે છે જે બીજાઓ માટે પ્રેરણા સમાન હોય છે. આવા જ એક ડોક્ટર છે તેલંગાણાના ડોક્ટર કુરેલા વિઠ્ઠલાચાર્ય. તેમની ઉંમર 84 વર્ષ છે. સપના પૂરા કરવા હોય તો ગમે તે ઉંમરે કરી શકાય એ તેમણે પુરવાર કર્યું છે. બાળપણથી તેમની ઇચ્છા મોટું પુસ્તકાલય ખોલવાની હતી. તેમને આ વિચાર આવ્યો ત્યારે દેશમાં અંગ્રેજોનું શાસન હતું અને એ સપનું સપનું બનીને જ રહી ગયું. અભ્યાસ પૂરો કર્યા પછી તેઓ લેક્ચરર બની ગયા અને તેલુગુ ભાષાનો ઊંડો અભ્યાસ કર્યો. તેલંગાણાના યદ્રાદ્રિ-ભુવનાગિરી જિલ્લાના રમન્નાપેટમાં તેમણે બનાવેલા પુસ્તકાલયમાં લગભગ બે લાખ પુસ્તકો છે. વિઠ્ઠલાચાર્ય કહે છે, "અભ્યાસ કરતી વખતે મને જે મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો તે બીજાઓને ન કરવો પડે એવું હું ઇચ્છું છું." આજે તેમને એ જોઇને આનંદ થાય છે કે તેમણે બનાવેલા પુસ્તકાલયને કારણે મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓને લાભ મળી રહ્યો છે. તેમનાં પુસ્તકાલય પરથી પ્રેરણા લઈને આજે બીજા ગામોના ઘણાં લોકો પુસ્તકાલય બનાવવામાં જોડાઈ ગયા છે.



## પ્રાકૃતિક ખેતીના પ્રેરક બન્યા આણંદના વિમલભાઈ પટેલ


આજકાલ પ્રાકૃતિક ખેતીનું ચલણ ઝડપથી વધી રહ્યું છે. પ્રાકૃતિક ખેતી કરી રહેલા ખેડૂતોનાં જીવનધોરણમાં હવે ક્રાંતિકારી પરિવર્તન આવી રહ્યું છે. તેઓ ઓછાં ખર્ચમાં વધુ નફો કમાવીને કૃષિ ક્ષેત્રને સમૃદ્ધ બનાવી રહ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ અવારનવાર પ્રાકૃતિક ખેતી પર ભાર મૂકતા રહ્યા છે. અનેક ખેડૂતો આ પધ્ધતિને અપનાવી રહ્યા છે. આણંદના એક ગામમાં રહેતા ખેડૂત વિમલભાઈ પટેલ આવા જ એક ખેડૂત છે, જેઓ પોતે તો પ્રાકૃતિક ખેતી કરે જ છે, સાથે સાથે બીજાઓને પણ તેનાં માટે પ્રેરણા આપે છે. વિમલભાઇ કહે છે, "મેં પ્રાકૃતિક ખેતી એટલાં માટે શરૂ કરી છે કે મને તેમાં ભવિષ્ય દેખાઈ રહ્યું છે. આગામી સમય પ્રાકૃતિક ખેતીનો જ હશે. વળી, પ્રાકૃતિક ખેતીથી આપણને જંતુનાશકોની આડઅસરમાંથી પણ મુક્તિ મળે છે અને લોકોનું આરોગ્ય પણ સારું રહે છે. કારણ કે ખાતરને કારણે લોકોનું આરોગ્ય બગડી રહ્યું છે." પ્રાકૃતિક ખેતીથી ખેડૂતોની આવક વધી રહી છે એટલું જ નહીં તેમને આત્મનિર્ભર પણ બનાવી રહી છે. તેનાથી ખેતીમાં ઉપયોગમાં લેવામાં આવતા કેમિકલ્સની આયાતમાં ઘટાડો થશે અને તેનાથી દેશનાં 80 ટકા ખેડૂતોને પણ લાભ થશે. ●



RNI No. :
DELGUJ/2020/78810
February: 1-15, 2022

New India SAMACHAR
Fortnightly

RNI Registered No DELGUJ/2020/78810, Delhi Postal License No DL(S)-1/3554/2020-22, WPP NO U (S)-102/2020-22, posting at BPC, Meghdoot Bhawan, New Delhi - 110 001 on 26-30 advance Fortnightly (Publishing Date January 27, 2022, Pages - 48)



# અંત્યોદયના પ્રણેતાને નમન

(પૂણ્યતિથીઃ 11 ફેબ્રુઆરી)

“દીનદયાલજીએ દેશની એકતા અખંડિતતા માટે પણ આત્મનિર્ભરતાની જરૂર પર ભાર મૂક્યો હતો. 1965માં ભારત-પાકિસ્તાન યુધ્ધ દરમિયાન ભારતે વિદેશી શસ્ત્રો પર આધાર રાખવો પડતો હતો. દીનદયાલજીએ કહ્યું હતું, આપણે માત્ર અનાજ જ નહીં પણ શસ્ત્ર અને વિચારનાં ક્ષેત્રમાં પણ ભારતને આત્મનિર્ભર બનાવવું પડશે. તેમનાં આ વિઝનને પૂરું કરવા માટે ભારત આગળ વધી રહ્યું છે. શસ્ત્ર ઉધોગમાં આત્મનિર્ભરતાને કારણે ભારતની તાકાત અને ભારતનું અર્થતંત્ર મજબૂત થઈ રહ્યું હોય તો વિચારની આત્મનિર્ભરતા દ્વારા ભારત આજે વિશ્વનાં અનેક ક્ષેત્રોમાં નેતૃત્વ લઈ રહ્યું છે. આજે ભારતની વિદેશ નીતિ દબાણ અને અસરથી મુક્ત થઈને રાષ્ટ્ર પ્રથમના નિયમથી ચાલી રહી છે. દીનદયાલજીએ આપણને પ્રકૃતિ સાથે સામંજસ્યની ફિલોસોફી આપી છે.”

**નરેન્દ્ર મોદી, વડાપ્રધાન**

“" ચરૈવેતિ ચરૈવેતિ ચરૈવેતિ "
ના થકો, ના રૂકો,
ના ઝુકો, બસ
ચલતે હી રહો.”

પંડિત દીનદયાલ ઉપાધ્યાય

Gujarati

Editor
Jaideep Bhatnagar, Principal Director General, Press Information Bureau, New Delhi

Published & Printed by: Satyendra Prakash, Principal Director General, BOC on behalf of Bureau of Outreach and Communication

Published from Room No–278, Bureau of Outreach and Communication, 2nd Floor, Soochna Bhawan, New Delhi -110003

Printed at Aravali Printers & Publishers Pvt. Ltd., Okhla Industrial Area Phase-II, New Delhi-110020